


RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 213
Dt.: 15-04-2026,
Wednesday
Page : 04
Rs.00.50 paisa


### દિલ્હીથી દેહરાદૂન એક્સપ્રેસ હાઈવે

# PM મોદીએ એશિયાના સૌથી લાંબા વાઈલ્ડલાઈફ કોરિડોરનું કર્યું લોકાર્પણ

## ૧૨,૦૦૦ કરોડના ખર્ચે બનેલો આ છ-લેનનો એક્સપ્રેસ-વે દિલ્હી, ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડને એકબીજાની વધુ નજીક લાવશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઉત્તર ભારતની કનેક્ટિવિટીમાં એક નવો અધ્યાય જોડાવા જઈ રહ્યો છે. PM નરેન્દ્ર મોદી મંગળવારે ૨૧૩ કિલોમીટર લાંબા દિલ્હી-દેહરાદૂન આર્થિક કોરિડોરનું ઉદ્ઘાટન કરશે. ૧૨,૦૦૦ કરોડના ખર્ચે બનેલો આ છ-લેનનો એક્સપ્રેસ-વે દિલ્હી, ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડને એકબીજાની વધુ નજીક લાવશે.

ઉદ્ઘાટન પૂર્વે વડાપ્રધાન ધાર્મિક અને પર્યાવરણીય મુલાકાત પણ લેશે. વન્યજીવ કોરિડોર નિરીક્ષણ પણ તેઓ કરશે. વડાપ્રધાન સહારનપુર (UP) ખાતે એશિયાના સૌથી લાંબા વન્યજીવ એલિવેટેડ કોરિડોરની સમીક્ષા કરશે. સવારે ૧૧.૪૦ વાગ્યે દેહરાદૂન પાસે આવેલા પ્રસિદ્ધ જય મા દાત કાલી મંદિરમાં પૂજા-અર્ચના કરશે. બપોરે ૧૨.૩૦ વાગ્યે દેહરાદૂન ખાતે એક ભવ્ય સમારોહમાં એક્સપ્રેસ-વે દેશને સમર્પિત કરશે.

આ પ્રોજેક્ટ માત્ર ગતિ જ નહીં, પરંતુ સુરક્ષા અને આધુનિક ટેકનોલોજીનો સમન્વય છે. દિલ્હીથી દેહરાદૂન પહોંચવામાં અત્યારે ૬ કલાક લાગે છે, જે ઘટીને હવે માત્ર ૨.૫ કલાક થઈ જશે. આ ઉપરાંત મુસાફરોની સુરક્ષા માટે આ કોરિડોરમાં અત્યાધુનિક ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ લગાવવામાં આવી છે. આ પ્રોજેક્ટમાં ૧૦ ઈન્ટરચેન્જ, ૩ રેલવે ઓવર બ્રિજ (ROB), ૪ મોટા પુલ અને ૧૨ વે-સાઈડ સુવિધાઓનો સમાવેશ થાય છે.

આ કોરિડોરની સૌથી મોટી વિશેષતા તેની ઈકો-ફ્રેન્ડલી ડિઝાઈન છે. રાજાજી નેશનલ પાર્ક અને આસપાસની જૈવવિવિધતાને ધ્યાનમાં રાખીને ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. જેના કારણે તે એશિયાનો સૌથી લાંબો વાઈલ્ડલાઈફ કોરિડોર બને છે. વન્યજીવોની અવરજવર માટે ૧૨ કિલોમીટર લાંબો એલિવેટેડ રોડ બનાવવામાં આવ્યો છે.

હાથીઓ માટે ૨૦૦ મીટર લાંબા બે ખાસ અન્ડરપાસ અને અન્ય પ્રાણીઓ માટે ૮ રસ્તાઓ બનાવ્યા છે. દાત કાલી મંદિર પાસે ૩૭૦ મીટર લાંબી આધુનિક સુરંગનું નિર્માણ કરાયું છે જેથી પહાડી પર્યાવરણને નુકસાન ન થાય.

આ એક્સપ્રેસ-વે શરૂ થવાથી હરિદ્વાર, ઋષિકેશ અને દેહરાદૂન જેવા પર્યટન સ્થળોએ પહોંચવું સરળ બનશે. તે માત્ર મુસાફરી જ નહીં, પણ સમગ્ર પ્રદેશમાં વેપાર અને વિકાસના નવા દ્વાર ખોલશે. પીએમઓના જણાવ્યા મુજબ, આ પ્રોજેક્ટ વડાપ્રધાનના નેક્સ્ટ જનરેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિઝનને પ્રતિબિંબિત કરે છે.



# ક્રૂડ ઓઈલ ૧૦૦ ડોલરને પાર, મંદી-મોંઘવારીનો ખતરો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ગત સપ્તાહના અંતે સીઝફાયર માટેની મંત્રણાઓ નિષ્ફળ ગયા બાદ, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાની બંદરો પર સૈન્ય નાકાબંધી કરવાની જાહેરાત કરી છે. આ નિર્ણયને પગલે વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વના ગણાતા સ્ટ્રેટ ઓફ હોર્મુઝને ફરીથી ખોલવા અંગે અનિશ્ચિતતા સર્જાઈ છે. ઈરાને અગાઉ આ મહત્વપૂર્ણ જળમાર્ગમાંથી ટેક્રોની અવરજવર લગભગ બંધ કરી દીધી હતી. માત્ર ઈરાન સાથે મિત્રતા ધરાવતા દેશોના જહાજોને જ ભારે ફી વસૂલીને પસાર થવા દેવામાં આવતા હતા. આ દબાણને ખતમ કરવા ટ્રમ્પ વહીવટીતંત્રે નાકાબંધીનો આકરો નિર્ણય લીધો છે.

નિષ્ણાતોના મતે, આ નાકાબંધીનો અમલ કરવો એ અમેરિકી નૌસેના માટે મોટો પડકાર છે. આ ઓપરેશન માટે યુએસ નેવીના મોટી સંખ્યામાં જહાજો અને જવાનોની જરૂર પડશે. અમેરિકન નૌસેનાને અનેક પ્રકારનાં રિસોર્સિસની જરૂરિયાત ઉભી થશે. હાલમાં મધ્ય પૂર્વમાં અમેરિકાના ૧૬ યુદ્ધ જહાજો તૈનાત છે, પરંતુ પેલેસ્ટાઈન કે ઈરાનના દરિયાકાંઠાના મુખ્ય ભાગમાં હાલ કોઈ જહાજ નથી. સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાંથી વિશ્વના કુલ તેલ વેપારનો ૨૦% હિસ્સો પસાર થાય છે. આટલા મોટા પાયે જહાજોના ટ્રાફિકને રોકવો કે નિયંત્રિત કરવો ભૌગોલિક રીતે મુશ્કેલ છે.

બધું જ નાકાબંધીના શરૂઆતના દિવસો પર નિર્ભર છે. અમેરિકા કેટલા જહાજોને જપ્ત કરી શકે છે અને અન્ય દેશોના જહાજોને પસાર થતા કેટલા અટકાવી શકે છે, તેના પર સફળતાનો આધાર છે. તેવું નિષ્ણાંતો જણાવી રહ્યા છે. નાકાબંધીના કાયદેસરપણા અંગે પણ પ્રશ્નો ઉઠી રહ્યા છે. આંતરરાષ્ટ્રીય નિયમો મુજબ કોઈ પણ દેશ નાગરિક વસ્તીને ભૂખે મારવાના હેતુથી નાકાબંધી ન કરી શકે. ઈરાનમાં જતી માનવીય સહાયને મંજૂરી આપવી કે નહીં, તે આ નાકાબંધીની કાયદેસરતા નક્કી કરશે. કોઈપણ દેશના જહાજો સાથે ભેદભાવ વગર સમાન વર્તન કરવું જરૂરી છે. પરંતુ આ સ્થિતિ જે પેદા થઈ છે તેના કારણે ક્રૂડની કિંમતમાં ભડકો જરૂર થશે અને સામાન્ય જનતા પર બોજ વધશે. આ તણાવની સીધી અસર ગ્રાહકોના ખિસ્સા પર પડશે.

ક્રૂડ ઓઈલની કિંમત યુદ્ધ પહેલા તેલના ભાવ પ્રતિ બેરલ $૭૦ હતા, જે હવે વધીને $૧૦૦ ને પાર કરી ગયા છે. અમેરિકામાં ગેસોલિનના ભાવ $૨.૯૮ થી વધીને સરેરાશ ઈ૪.૧૨ પ્રતિ ગેલન થઈ ગયા છે. ભારત અને ચીન જેવા એશિયન દેશો જે મધ્ય પૂર્વના તેલ આયાત પર નિર્ભર છે, તેમને સૌથી વધુ આર્થિક ફટકો પડી શકે છે. માત્ર તેલ જ નહીં, પરંતુ અન્ય ચીજવસ્તુઓના ભાવ પણ વધી શકે છે. જેમાં ખાતર કે જે દુનિયાનું ૩૦% આ જળમાર્ગમાંથી પસાર થાય છે. જો પુરવઠો ખોરવાય તો વૈશ્વિક સ્તરે ખેતી અને અનાજના ઉત્પાદન પર માઠી અસર પડશે. યુએઈ, કતાર અને બહેરીન જેવા દેશોમાં ખાદ્ય સામગ્રી મોંઘી થશે કારણ કે સામાન વિમાન દ્વારા મંગાવવો પડશે. ઔદ્યોગિક કાચો માલ જેવા કે એલ્યુમિનિયમ અને પેઈન્ટ બનાવવા માટે વપરાતા કેમિકલ્સનો સપ્લાય પણ અટકી શકે છે. નિષ્ણાતો ચેતવણી આપી રહ્યા છે કે ઈરાન આ નાકાબંધીનો જવાબ નેવલ માઈન્સ (દરિયાઈ સુરંગો), ઝડપી હુમલોકરી શકે તેવી બોટ અને મિસાઈલો દ્વારા આપી શકે છે. ઈઝરાયલ અને અમેરિકા સાથેના આ સંઘર્ષમાં ઈરાન પર્સિયન ગલ્ફ અને ગલ્ફ ઓફ ઓમાનમાં આવેલા અન્ય બંદરોને નિશાન બનાવવાની ધમકી આપી રહ્યું છે. વૈશ્વિક બજારોએ હવે લાંબા સમય સુધી ઊંચા ભાવો અને આર્થિક અનિશ્ચિતતા માટે તૈયાર રહેવું પડશે. ભલે નાકાબંધી ટૂંકા ગાળા માટે હોય, પણ તેની અસર વર્ષો સુધી સપ્લાય ચેઈન પર જોવા મળી શકે છે.

### બંને દેશના વડા વચ્ચેની વાતચીત મહત્વપૂર્ણ

# PM મોદી અને ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે ફોન પર ૪૦ મિનિટ સુધી થઈ વાતચીત

## વૈશ્વિક પરિસ્થિતિ અને પરસ્પર સહકારના મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરી હોવાનું જાણવા મળી રહ્યું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે તાજેતરમાં લગભગ ૪૦ મિનિટ સુધી ફોન પર મહત્વપૂર્ણ વાતચીત થઈ છે. આ વાતચીતમાં બંને નેતાઓએ દ્વિપક્ષીય સંબંધો, વૈશ્વિક પરિસ્થિતિ અને પરસ્પર સહકારના મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરી હોવાનું જાણવા મળી રહ્યું છે.વાતચીત દરમિયાન ભારત-અમેરિકા વચ્ચે વેપાર, રોકાણ, ટેક્નોલોજી અને સુરક્ષા સહકારને વધુ મજબૂત બનાવવાની દિશામાં ભાર મૂકવામાં આવ્યો. બંને નેતાઓએ ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં સ્થિરતા અને શાંતિ જાળવવા માટે સંયુક્ત પ્રયાસોની જરૂરિયાત પર પણ સહમતિ વ્યક્ત કરી. મળતી માહિતી મુજબ આ ચર્ચામાં વૈશ્વિક ભૂ-રાજકીય પરિસ્થિતિ, ખાસ કરીને બદલાતા આંતરરાષ્ટ્રીય સંબંધો અને સુરક્ષા પડકારો અંગે પણ વિચારવિમર્શ કરવામાં આવ્યો. બંને દેશોએ આતંકવાદ સામેની લડતમાં સહયોગ વધારવાની પ્રતિબદ્ધતા પણ પુનઃદૃઢ કરી.

આ ટેલિફોનિક વાતચીત બંને દેશો વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવવા માટે મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે. આવા ઉચ્ચ સ્તરીય સંપર્કો ભારત-અમેરિકા ભાગીદારીને નવી દિશા આપે છે અને વૈશ્વિક મંચ પર બંને દેશોની ભૂમિકા વધુ મજબૂત બનાવે છે. હાલ આ વાતચીત અંગે વધુ સત્તાવાર વિગતો જાહેર કરવામાં આવી નથી, પરંતુ તેને વ્યૂહાત્મક અને રાજકીય દૃષ્ટિએ મહત્વપૂર્ણ ગણવામાં આવી રહી છે.

### નોઈડા વિરોધ પ્રદર્શન

# મોંઘવારી અને ભાડાનો માર મામલે રાહુલ ગાંધીનું વિશ્લેષણ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ગૌતમબુદ્ધ નગર જિલ્લામાં પગાર વધારાની માંગ સાથે શ્રમિકોનું પ્રદર્શન બીજા દિવસે પણ ચાલુ રહ્યું હતું. કેટલીક જગ્યાએ પથ્થરમારાની ઘટનાઓ બાદ પોલીસે સ્થિતિ કાબૂમાં લીધી છે, પરંતુ આ ઘટના પર રાહુલ ગાંધીની પ્રતિક્રિયાએ ચર્ચા જગાવી છે. તેમણે શ્રમિકોની સ્થિતિને દેશના મજૂરની અંતિમ ચીસ ગણાવી છે.

રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર એક લાંબી પોસ્ટ દ્વારા શ્રમિકોના આર્થિક સંઘર્ષનો ચિતાર આપ્યો હતો. નોઈડામાં કામ કરતા મજૂરનો પગાર રૂપિયા ૧૨,૦૦૦ છે, જ્યારે ભાડું રૂપિયા ૪,૦૦૦ થી રૂપિયા ૭,૦૦૦ સુધીનું હોય છે.

રાહુલ ગાંધીએ લખ્યું કે, જ્યારે રૂપિયા ૩૦૦નો વાર્ષિક પગાર વધારો મળે છે, ત્યારે મકાનમાલિકો રૂપિયા ૫૦૦ ભાડું વધારી દે છે. આ બેફામ મોંઘવારી મજૂરનું ગળું ટૂંપે છે. શ્રમિકો રૂપિયા ૨૦,૦૦૦ પગારની માંગ કરી રહ્યા છે, જેને રાહુલે તેમનો અધિકાર ગણાવ્યો છે.

રાહુલ ગાંધીએ આ સ્થાનિક પ્રદર્શનને વૈશ્વિક પરિસ્થિતિ સાથે જોડતા જણાવ્યું હતું કે, પશ્ચિમ એશિયામાં યુદ્ધને કારણે સપ્લાય ચેઈન તૂટી ગઈ છે, જેનાથી ઈંધણના ભાવ આસમાને પહોંચ્યા છે. તેમણે એક મહિલા શ્રમિકનો ઉલ્લેખ કર્યો જેણે જણાવ્યું કે, ગૅસના ભાવ વધે છે પણ પગાર નહીં.

ગૅસ સંકટમાં લોકોએ રૂપિયા ૫,૦૦૦માં પણ સિલિન્ડર ખરીદ્યા હશે. રાહુલે આરોપ લગાવ્યો કે, આ વૈશ્વિક મોંઘવારી અને ટેરિફ વૉરનો બોજ વડાપ્રધાનના મિત્ર ઉદ્યોગપતિઓ પર નહીં, પણ રોજેરોજ કમાઈને ખાતા મજૂર પર પડ્યો છે.

### RJD અને JDUમાં પણ કામ કરી ચૂક્યા છે

# બિહારના મુખ્યમંત્રી તરીકે ભાજપ નેતા સમ્રાટ ચૌધરીનું નામ જાહેર

## વર્ષ ૨૦૧૮માં સમ્રાટ ચૌધરી ભાજપમાં જોડાયા અને આજે પ્રદેશ ભાજપમાં પ્રથમ હરોળના સ્થાન પર બિરાજમાન છે

(સંપૂર્ણ સમાચાર સેવા)બિહાર

બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમાર રાજ્યસભાના સાંસદ બન્યા બાદ તેમણે આજે મંગળવારે બિહારના મુખ્યમંત્રી પદેથી સ્વૈછિક રાજીનામુ આપી દીધું છે. જે બાદ બિહારમાં નવી સરકાર રચવા કેન્દ્રીયમંત્રી પર્યવેશન શિવરાજસિંહના નેતૃત્વ હેઠળ બિહાર ભાજપના ધારાસભ્ય દળની બેઠળ મળી, જેમાં બિહારના નવા મુખ્યમંત્રી તરીકે સમ્રાટ ચૌધરીના નામ પર મહોર મારવામાં આવી.

સમ્રાટ ચૌધરી ભલે અલગ-અલગ પક્ષોમાંથી પસાર થઈને ભાજપમાં આવ્યા હોય, પરંતુ તેમને રાજકીય સફળતા અને નામના ભાજપમાં મળી. સમ્રાટ ચૌધરી પોતાના પિતાના માર્ગદર્શન હેઠળ રાજકારણમાં આવ્યા હતા. તેમણે સમતા પાર્ટીથી પોતાની સફર શરૂ કરી અને ત્યારબાદ RJDમાં જોડાયા. RJDમાં તેઓ મંત્રી બન્યા, ઈલ્નહ્ઢમાં રહ્યા બાદ, તેઓ ૨૦૧૪માં JDU માં જોડાયા અને જીતન રામ માંઝીની સરકારમાં મંત્રી (શહેરી વિકાસ અને આવાસ વિભાગ) બન્યા.

વર્ષ ૨૦૧૮માં સમ્રાટ ચૌધરી ભાજપમાં જોડાયા અને આજે પ્રદેશ ભાજપમાં પ્રથમ હરોળના સ્થાન પર બિરાજમાન છે.

૨૦૧૯માં જ્યારે નિત્યાનંદ રાય પ્રદેશ અધ્યક્ષ હતા, ત્યારે સમ્રાટ ચૌધરીને ઉપાધ્યક્ષ બનાવવામાં આવ્યા હતા. ૨૦૨૦માં તેઓ ભાજપ તરફથી વિધાન પરિષદમાં પહોંચ્યા. ઓગસ્ટ ૨૦૨૨માં જ્યારે નીતીશ કુમારે ભાજપ સાથેનો છેડો ફાડીને RJD સાથે મહાગઠબંધન સરકાર બનાવી, ત્યારે સમ્રાટ ચૌધરીને ખરી રાજકીય ઓળખ મળી. તેઓ વિધાન પરિષદમાં વિપક્ષના નેતા બન્યા. વર્ષ ૨૦૨૩માં સમ્રાટ ચૌધરી ભાજપના પ્રદેશ અધ્યક્ષ બન્યા અને ત્યારબાદ જ્યારે નીતીશ કુમારે ફરીથી NDAમાં વાપસી કરી, ત્યારે તેમને નાયબ મુખ્યમંત્રીની ખુરશી સોંપવામાં આવી. એટલું જ નહીં, ૨૦૨૫ની વિધાનસભા ચૂંટણીમાં વિપક્ષના નિશાના પર સૌથી વધુ સમ્રાટ ચૌધરી રહ્યા હતા, જેનું પરિણામ એ આવ્યું કે NDAની વાપસી થતા તેમને ફરીથી નાયબ મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા હતા. સમ્રાટ ચૌધરી ૧૫ એપ્રિલ ૨૦૨૬, બુધવારના રોજ સવારે ૧૧ વાગ્યે મુખ્યમંત્રી તરીકે શપથ લેશે. ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૨૫ બિહાર વિધાનસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ ૧૦૧ બેઠકમાથીં ૮૯ બેઠક જીતી હતી. ભાજપ સૌથી મોટી પાર્ટી તરીકે ઊભરી આવી હતી અને આટલી પ્રચંડ બેઠક અપાવવામાં સમ્રાટ ચૌધરીએ ખૂબ મહત્વનો રોલ ભજવ્યો હતો.

નીતિશ કુમારે આજે રાજ્યપાલને મળીને બિહારના મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યું છે. આજે તેમણે રાજીનામું આપતા પહેલા પોતાના કાર્યકાળની અંતિમ કેબિનેટ બેઠક યોજી હતી જેમાં તેઓ ભાવુક પણ થઈ ગયા હતા.

તેમણે વર્ષ ૨૦૦૫થી અત્યાર સુધી બિહારના વિકાસ માટે કરેલા કાર્યોનો ઉલ્લેખ કરતા કહ્યું કે, જ્યારથી હું સત્તામાં આવ્યો ત્યારથી અત્યાર સુધી મારાથી જ્યાં સુધી થઈ શક્યું ત્યાં સુધી મેં બિહાર માટે કર્યું છે.

આ દરમિયાન બેઠકમાં હાજર રહેલા અન્ય મંત્રીઓની આંખો પણ ભીની થઈ ગઈ હતી. નીતીશ કુમારે નવી બનનારી સરકારને પણ પોતાની શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે ખાતરી આપી હતી કે નવી સરકારને જ્યારે પણ જરૂર પડશે ત્યારે તેમનું માર્ગદર્શન મળતું રહેશે. તેમણે આશા વ્યક્ત કરી હતી કે બિહારમાં વિકાસની યોજનાઓ અટકવી જોઈએ નહીં અને રાજ્ય પ્રગતિના પથ પર આગળ વધતું રહેવું જોઈએ.

# અમેરિકા ૨૦ વર્ષ માટે પરમાણુ કાર્યક્રમ રોકવા મક્કમ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વૈશ્વિક રાજકારણમાં જેની આતુરતાથી રાહ જોવાઈ રહી હતી તેવી અમેરિકા અને ઈરાન વચ્ચેની શાંતિ વાર્તાના પ્રથમ દિવસે જ નિરાશા હાથ લાગી છે. ઈસ્લામાબાદમાં મળેલી આ ઐતિહાસિક બેઠકમાં ઈરાને અમેરિકાની શરતો માનવાનો ઈનકાર કરી દેતા વાટાઘાટો હાલ પૂરતી અટકાવી દેવામાં આવી છે.

આ વાટાઘાટો નિષ્ફળ જવાનું સૌથી મોટું કારણ ઈરાનનો પરમાણુ એનરિચમેન્ટ પ્રોગ્રામ છે. અમેરિકા ઈચ્છતું હતું કે ઈરાન તેના પરમાણુ પ્રોગ્રામને આગામી ૨૦ વર્ષ માટે સંપૂર્ણપણે ફ્રીઝ (સ્થગિત) કરી દે. ઈરાન માત્ર ૫ વર્ષ માટે જ આ પ્રોગ્રામ રોકવાની ડીલ ઓફર કરી રહ્યું હતું. અહેવાલો અનુસાર હવે બંને પક્ષો સાડા બાર વર્ષ ની મર્યાદા પર સહમતિ સાધવા પ્રયાસ કરી રહ્યા છે, પરંતુ હજુ સત્તાવાર કોઈ જાહેરાત થઈ નથી.

અત્યાર સુધી અમેરિકા એવા કડક વલણ પર હતું કે, ઈરાન ઘરેલું સ્તરે એનરિચમેન્ટ કરી જ ન શકે, કારણ કે તેનાથી પરમાણુ હથિયારો બનાવવાનો માર્ગ મોકળો થાય છે. જોકે, આ બેઠકમાં અમેરિકા આ મુદ્દે થોડું નરમ પડ્યું હોય તેમ જણાય છે, પરંતુ સમયગાળા મુદ્દે હજુ પણ મામલો ફસાયેલો છે.

આ શાંતિ વાર્તા ઈસ્લામાબાદની લક્ઝરી સેરેના હોટલમાં યોજાઈ હતી, જ્યાં સુરક્ષા અને ગોપનીયતાના અત્યંત કડક નિયમો હતા. હોટલના બે અલગ-અલગ વિંગમાં બંને દેશોના અધિકારીઓ રોકાયા હતા. પાકિસ્તાની મધ્યસ્થીઓ સાથેની ટ્રાઈલેટરલ (ત્રિપક્ષીય) મીટિંગ માટે કોમન એરિયાનો ઉપયોગ થયો હતો. મીટિંગ રૂમમાં કોઈને પણ ફોન લઈ જવાની મંજૂરી આપવામાં આવી ન હતી.

અમેરિકી પ્રતિનિધિ જે.ડી વેન્સે જાહેરાત કરી છે કે, ઈરાન શરતો ન માનતું હોવાથી વાર્તા સ્થગિત કરવામાં આવે છે. જોકે, બીજી તરફ કેટલાક ઉચ્ચ અધિકારીઓ અને વોલ સ્ટ્રીટ જર્નલના રિપોર્ટ્સ દાવો કરે છે કે પડદા પાછળ હજુ પણ વાતચીત ચાલુ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ૧૯૭૯ની ઈસ્લામિક ક્રાંતિ પછી આ બંને દેશો વચ્ચેની આ સૌથી મોટી શાંતિ મંત્રણા માનવામાં આવે છે. જો આ વાટાઘાટો સંપૂર્ણપણે નિષ્ફળ જશે, તો મધ્ય પૂર્વમાં તણાવ ફરી વધી શકે છે.




# તંત્રી લેખ......

## મહિલા અનામત પહેલ

લોકસભા અને વિધાનસભાઓમાં મહિલાઓ માટે ૩૩ ટકા બેઠકો અનામત રાખતા નારી શક્તિ વંદન કાયદા અંગે, વડા પ્રધાને યોગ્ય રીતે તેને આ સદીના મહત્વપૂર્ણ પગલાઓમાંનું એક ગણાવ્યું. શરૂઆતમાં, આ કાયદો નવી વસ્તી ગણતરી પછી લાગુ થવાનો હતો, પરંતુ તેમાં વિલંબને કારણે, સરકારે ૨૦૧૧ ની વસ્તી ગણતરીના આધારે તેને લાગુ કરવાનો નિર્ણય લીધો. વાંધાઓ ઉઠાવવામાં આવી રહ્યા છે, પરંતુ આ વાંધાને મહત્વ આપવાથી આગામી લોકસભા ચૂંટણીમાં મહિલા અનામત લાગુ કરવાનું અશક્ય બનશે, કારણ કે નવીનતમ વસ્તી ગણતરીના ડેટાના આધારે રચાયેલા સીમાંકન પંચના અહેવાલમાં સમય લાગશે, અને ત્યાં સુધીમાં ૨૦૨૯ ની સામાન્ય ચૂંટણીઓ યોજાઈ ગઈ હશે. આ જ કારણ છે કે આ કાયદામાં સુધારો કરવા માટે સંસદનું ખાસ સત્ર બોલાવવામાં આવ્યું છે. આ સત્ર વિધાનસભા ચૂંટણીઓ વચ્ચે બોલાવવામાં આવી રહ્યું હોવાથી, ઘણા વિપક્ષી પક્ષો આનાથી નાખુશ છે. ઘણા વિપક્ષી નેતાઓ માને છે કે છેલ્લી વસ્તી ગણતરીના આધારે મહિલા અનામત લાગુ કરવાથી કેટલાક રાજ્યોના રાજકીય હિતોને નુકસાન થઈ શકે છે અને લોકસભામાં તેમનું પ્રતિનિધિત્વ ઘટી શકે છે. હાલમાં, આ આશંકા માટે કોઈ નક્કર આધાર નથી. એ નોંધવું જોઈએ કે વડા પ્રધાને વારંવાર કહ્યું છે કે મહિલા અનામતને કારણે બેઠકોમાં વધારો કોઈપણ રાજ્ય સાથે અન્યાયી નહીં હોય. તેથી, નારી શક્તિ વંદન કાયદાના સુધારેલા ડ્રાફ્ટ બહાર પડ્યા પછી જ પ્રશ્નો અને શંકાઓ ઉઠાવવી વધુ સારું રહેશે. સમસ્યા એ છે કે જ્યારે પણ મોદી સરકાર કોઈ પહેલ કરે છે, ત્યારે વિપક્ષ તરત જ તેના ઈરાદા પર સવાલ ઉઠાવવાનું શરૂ કરે છે. ટીકા અને નિંદા અટકળો અને આશંકા પર આધારિત ન હોવી જોઈએ.

મહિલા અનામત લાગુ કરવાની પહેલ દ્વારા સરકાર હાલમાં રાજકીય હિતોને અનુસરી રહી છે તે વિપક્ષનો દાવો પાયાવિહોણો નથી, પરંતુ સામાન્ય રીતે, સરકારો અને પક્ષો દ્વારા દરેક નિર્ણય રાજકીય હિતોને ધ્યાનમાં રાખીને લેવામાં આવે છે. જો આગામી લોકસભા ચૂંટણીમાં મહિલા અનામત લાગુ કરવાની પહેલ સફળ થાય છે, તો તે ફક્ત વિપક્ષના સમર્થનથી જ શક્ય બનશે. સ્પષ્ટપણે, મહિલા અનામતના સ્વપ્નને સાકાર કરવાનો શ્રેય પણ તેમને જ જશે.

મહિલા અનામત એવા પક્ષો માટે સમસ્યા ઊભી કરી શકે છે જેમને મહિલાઓમાં વ્યાપક સમર્થનનો અભાવ છે અને તેઓ તેમની રાજકીય ભાગીદારી વધારવામાં ઉદાસીન છે. જો કે, કોઈપણ પક્ષ મહિલા અનામતનો વિરોધ કરવાની હિંમત કરી શકતો નથી, કારણ કે મહિલાઓ હવે એક મોટી અને શક્તિશાળી વોટ બેંક છે. નિઃશંકપણે, મહિલા અનામત દેશના રાજકીય પરિદૃશ્ય અને વાતાવરણને બદલી નાખશે, પરંતુ એ ધ્યાનમાં રાખવું મહત્વપૂર્ણ છે કે ફક્ત આ અનામત તેમના સામાજિક ઉત્થાનને સુનિશ્ચિત કરશે નહીં. સરકારો, રાજકીય પક્ષો અને સમાજે આ પ્રાપ્ત કરવા માટે વધુ કરવું પડશે.

# સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં ચુંટણીપંચે આચારસંહિતા માં નિયમો કડક બનાવ્યા બાદ વધુ એક ઉમેદવારે ૧-૧ રૂપીયાનો હિસાબ ફરજીયાત આપવો પડશે નહિ તો ઉમેદવારી પત્ર પણ રદ થઈ શકે છે

પ્રતિનિધિ,ગાંધીનગર

સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં ચુંટણીપંચ હવે નિયમોમાં કડકાઈ અપનાવી રહ્યુ હોય તેવુ લાગી રહ્યુ છે. ગઈ કાલે આચારસંહિતા ભંગના મામલે સીધી એફઆઈઆર નોંધવાની કાર્યવાહી બાદ વધુ એક ચુંટણીપંચે ઉમેદવારો માટે હિસાબ મામલે કડક નિયમ અપનાવ્યો છે.

સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં હવે ઉમેદવારો માટે માત્ર પ્રચાર કરવો પુરતો નથી, પરંતુ પ્રચાર દરમિયાન થતા દરેક ખર્ચનો પારદર્શક હિસાબ રાખવો એ કાયદેસરની ફરજ બની ગઈ છે. ચુંટણીપંચ દ્વારા ચુંટણી ખર્ચ પર કડક નજર રાખવામાં આવી રહી છે. જેથી લોકશાહીના આ ઉત્સવમાં શુધ્ધતા અને પારદર્શિતા જળવાઈ રહે, સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં હવે ખર્ચ પત્રક રાખવુ માત્ર એક પ્રક્રિયા નથી, પરંતુ કાયદેસર ફરજ બની ગયુ છે.

ચુંટણીપંચ દ્વારા ઉમેદવારોને એક નિશ્ચિત ફોર્મ આપવામાં આવે છે. જેમાં દરેક એક રૂપીયાની વિગતવાર નોંધ કરવી ફરજીયાત છે.

આ ફોર્મમાં સૌપ્રથમ ઉમેદવારનુ નામ, ચુંટણી વિસ્તાર અને અન્ય મુળભુત માહિતી ભરવાની રહે છે. ત્યારબાદ ખર્ચની મુખ્ય વિગતો દાખલ કરવામાં આવી છે, જેમાં તારીખ, ખર્ચનો પ્રકાર, ખર્ચની વિગત , રકમ, ચુકવણીનો પ્રકાર અને બિલ અથવા વાઉચર નંબરનો સમાવેશ થાય છે. પ્રચાર દરમિયાન થતો દરેક ખર્ચ ચા, નાસ્તો હોય અથવા મંડપ બાંધકામ, મીટીંગ માટે માઈક-સાઉન્ડ, બેનર અને પોસ્ટર તેમજ વાહન ભાડુ કે સોશીયલ મીડીયા પ્રચાર બધુ જ આ ફોર્મમાં નોંધવુ ફરજીયાત બની રહેશે.



ચુંટણીપંચના નિર્દેશ અનુસાર દરેક ઉમેદવારે તેમને ફાળવવામાં આવેલા નિશ્ચિત ફોર્મમાં એક-એક રૂપીયાનો હિસાબ રાખવો ફરજીયાત છે. આ પ્રક્રિયા માત્ર એક ઔપચારિકતા નથી , પરંતુ ગંભીર જવાબદારી છે. કોઈપણ ખર્ચ છુપાવવો કે નોધ વગર રાખવો ગંભીર ગુન્હો બની શકે છે. ફોર્મમાં દિવસવાર નોંધ માટે ગ્રીડ સિસ્ટમ આપવામાં આવી છે. જેથી ઉમેદવાર રોજીંદા ખર્ચનો હિસાબ રાખી શકે અને એકપણ દિવસનો ખર્ચ છુટે નહી તેની ખાસ કાળજી રાખવી પડે છે. મહત્વની વાત એ છે કે ચુંટણીપંચ દ્વારા દરેક ચુંટણી માટે ખર્ચની મર્યાદા નકકી કરવામાં આવી છે. આ મર્યાદા વટાવવી નિયમોનો ભંગ ગણાય છે અને તેના ગંભીર પરીણામો આવી શકે છે. પ્રચાર દરમિયાન થતો નાનામાં નાનો ખર્ચ પણ આ હિસાબમાં ગણવામાં આવશે. જેમાં મુખ્યત્વે ચા-નાસ્તો ખર્ચ, મંડપ બાંધકામ અને મીટીંગ માટેની સાઉન્ડ સિસ્ટમ, બેનર, પોસ્ટર અને પ્રચાર સામગ્રી તેમજ વાહન ભાડુ અને સોશીયલ મીડીયા પર કરવામાં આવતો પ્રચાર, કોઈપણ ખર્ચ છુપાવવો કે નોધ વગર રાખવો એ ગંભીર ગુન્હો ગણાય છે.

અધિક નિવાસી કલેકટર ના જણાવ્યા અનુસાર ચુંટણીમાં પારદર્શકતા જળવાઈ રહે તે માટે દરેક ઉમેદવારે પંચ દ્વારા નકકી કરાયેલી ખર્ચ મર્યાદામાં રહીને જ પ્રચાર કરવો પડશે, આ મર્યાદાનુ ઉલ્લંઘન કરવુ એ નિયમોનો ભંગ છે, અધિક નિવાસી કલેકટરે વધુમાં જણાવ્યુ હતુ કે ચુંટણીમાં પારદર્શકતા જળવાઈ રહે તે માટે દરેક ઉમેદવાર માટે ખર્ચપત્રક રાખવુ ફરજીયાત છે. દરેક ખર્ચની સાચી અને સમયસર નોંધ કરવી જરૂરી છે.

ચુંટણી પંચ દ્વારા નકકી કરાયેલ મર્યાદા અંદર જ ખર્ચ કરવો પડશે. નહી તો નિયમો મુજબ કાર્યવાહી કરવામાં આવશે. ચુંટણી દરમિયાન ફલાઈંગ સ્કવોડ અને વિડીયો સર્વેલન્સ ટીમો સતત દેખરેખ રાખશે. ગેરરીતી જણાશે તો તરત કાર્યવાહી કરવામાં આવશે અને ગંભીર કિસ્સામાં ઉમેદવારી રદ થવાની પણ શકયતા રહે છે. આ માટે ચુંટણી પંચની ફલાઈંગ સ્કવોડ અને વિડીયો સર્વેલન્સ ટીમ સતત દેખરેખ રાખે છે. જો ગેરરીતી જણાશે તો ઉમેદવાર સામે કડક કાર્યવાહી થઈ શકે છે. જેમાં ગંભીર કિસ્સાઓમાં ઉમેદવારી રદ થવા સુધીની જોગવાઈ છે.

ચુંટણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ઉમેદવારે તૈયાર કરેલુ સંપૂર્ણ ખર્ચ પત્રક ચુંટણી અધિકારી સમક્ષ સબમીટ કરવુ ફરજીયાત છે. આમ વર્તમાન સમયમાં ચુંટણી જીતવા માટે માત્ર લોક પ્રિયતાજ નહી પરંતુ નિયમોનુ ચુસ્ત પાલન અને નાણાંકીય પારદર્શિતા એ ઉમેદવારની સફળતા માટેની પૂર્વ શરત બની ગઈ છે.

મતદારોને આકર્ષવા માટે આપવામાં આવતો ચા-નાસ્તો કે અન્ય સુવિધાઓ પણ હવે ખર્ચ પત્રકમાં ગણતરીમાં આવે છે. જેથી ચુંટણી પ્રક્રિયામાં પારદર્શકતા જળવાઈ રહે, ચુંટણી પૂર્ણ થયા બાદ ઉમેદવારને આ સંપૂર્ણ ખર્ચ પત્રક સંબંધિત ચુંટણી અધિકારી સમક્ષ રજુ કરવુ પડશે, આથી હવે સ્પષ્ટ છે કે ચુંટણીમાં જીતવા માટે માત્ર પ્રચાર પુરતો નથી. પરંતુ નિયમોનુ પાલન અને ખર્ચનો પારદર્શક હિસાબ રાખવો પણ એટલો જ મહત્વનો બની ગયો છે.

# કેમિકલના બેરલમાં છુપાવી લવાતો ૧૦ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદમાં દારૂબંધીના કડક અમલ વચ્ચે બુટલેગરો હવે પોલીસને થાપ આપવા માટે અવનવા હાઈટેક કીમિયા અપનાવી રહ્યા છે. સરખેજ પોલીસે સાણંદ-સરખેજ હાઈવે પર બાતમીના આધારે દરોડો પાડીને કેમિકલના બેરલમાં છુપાવીને લવાતી વિદેશી દારૂની ૫,૬૦૦ બોટલો ઝડપી પાડી છે. પોલીસે કુલ ૧૦.૧૨ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી એક શખસની ધરપકડ કરી છે.

મળતી માહિતી અનુસાર, ૧૩મી એપ્રિલના રોજ સરખેજ પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે, સાણંદ-સરખેજ હાઈવે પર આવેલી સાગર હોટલ પાછળ 'સહયોગ એસ્ટેટ'ના ગોડાઉન નંબર-૧માં મુંબઈથી કેમિકલના નામે દારૂનો મોટો જથ્થો આવ્યો છે. પોલીસે ગુજરાત ગુડ્સ સર્વિસ ટ્રાન્સપોર્ટના ગોડાઉન પર દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન ગોડાઉન બહાર પડેલા લોખંડના ૮ મોટા બેરલ શંકાસ્પદ જણાતા તેને ખોલાવતા અંદરથી વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, આ જથ્થો મહારાષ્ટ્રના વસઈ ઈસ્ટ સ્થિત જ્યોતિ કેમિકલ્સ ટ્રેડર્સમાંથી મોકલવામાં આવ્યો હતો. બિલ્ટી અને દસ્તાવેજોમાં 'વી.વી. કેમિકલ્સ'ના નામે **'Pu Hardner'** કેમિકલ હોવાનું દર્શાવવામાં આવ્યું હતું. આ માલ અમદાવાદના સરખેજ થઈને ગાંધીધામ મોકલવાનું મોટું ષડયંત્ર હતું. હાલ પોલીસે ૫,૬૦૦ વિદેશી દારૂની બોટલો સહિત ૧૦,૧૨,૦૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. માલની ડિલિવરી લેવા આવેલા આકાશ ભરવાડ (ડ્રાઈવર)ની ધરપકડ કરવામાં આવી છે. ઝડપાયેલા ડ્રાઈવર આકાશ ભરવાડે પોલીસ સમક્ષ કબૂલાત કરી હતી કે, બે મહિના પહેલા ધ્રાંગધ્રામાં એક અજાણ્યા શખસે તેને વધુ ભાડાની લાલચ આપી આ કામમાં જોડ્યો હતો. તેને ફોન પર સૂચના મળી હતી કે સરખેજથી કેમિકલના બેરલ ગાંધીધામ પહોંચાડવાના છે. પોલીસ તપાસમાં ટ્રાન્સપોર્ટ મેનેજર ગ્યાસુદ્દીન ઉર્ફે સાજીદભાઈ પાસે રહેલા દસ્તાવેજો પણ બોગસ હોવાનું બહાર આવ્યું છે. સરખેજ પોલીસે આ મામલે ગુનો નોંધી દારૂ મોકલનાર અને મંગાવનાર અન્ય ફરાર આરોપીઓને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

### રેકોર્ડબ્રેક આંકડા માર્ચમાં સૌથી વધુ ખરીદી

# હોર્મુઝ સંકટ વચ્ચે ટ્રમ્પ જોતા રહી ગયા અને ભારત-રશિયાએ બાજી પલટી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પશ્ચિમ એશિયામાં વધતા તણાવ અને દરિયાઈ માર્ગો પરના અવરોધો વચ્ચે ભારત સરકારે સ્પષ્ટ કરી દીધું છે કે, તેની પ્રાથમિકતા દેશની ઉર્જા જરૂરિયાતો પૂરી કરવાની છે. આ માટે ભારતે ફરીથી રશિયા પાસેથી સસ્તું અને સતત ક્રૂડ મેળવવાની જૂની રણનીતિ તેજ કરી છે.હાલમાં જ સામે આવેલા ડેટા મુજબ, ભારતે રશિયા પાસેથી ક્રૂડની આયાતમાં મોટો ઉછાળો નોંધાવ્યો છે. માર્ચ ૨૦૨૬માં ભારતે રશિયા પાસેથી પ્રતિદિન ૧.૯૮ મિલિયન બેરલ ક્રૂડ ઓઈલ ખરીદ્યું છે. આ આંકડો જૂન ૨૦૨૩ પછીનો સૌથી ઉંચો છે. એપ્રિલની સ્થિતિ અનુસાર એપ્રિલમાં આયાત ઘટીને ૧.૫૭ મિલિયન બેરલ થઈ છે, પરંતુ આ ઘટાડો માંગને કારણે નહીં પણ ટેકનિકલ કારણોસર છે. નાયરા એનર્જીની રિફાઈનરીમાં મેન્ટેનન્સ શટડાઉનને કારણે આ કામચલાઉ ઘટાડો જોવા મળ્યો છે. ભારત તેની ક્રૂડ ઓઈલની ૯૦% જરૂરિયાતો માટે આયાત પર નિર્ભર છે. નિષ્ણાતોના મતે હવે ભારતીય રિફાઈનરીઓ માટે ક્રૂડની કિંમત કરતા તેની સતત ઉપલબ્ધતા વધુ મહત્વની બની છે. ભારત જેટલું બની શકે તેટલું રશિયન ક્રૂડ ઓઈલ મેળવી રહ્યું છે. જ્યાં સુધી પર્સિયન ગલ્ફમાં સપ્લાય ખોરવાયેલી રહેશે, ત્યાં સુધી રશિયા ભારત માટે સૌથી મોટો અને ભરોસાપાત્ર સ્ત્રોત બની રહેશે. તેવું અનેક નિષ્ણાંતોનું માનવું છે. પેટ્રોલિયમ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ પણ સ્પષ્ટ કર્યું છે કે આ નિર્ણયો સંપૂર્ણપણે ટેકનિકલ અને વ્યાપારી સદ્ધરતાના આધારે લેવામાં આવે છે. વૈશ્વિક સ્તરે એક ચિંતાજનક સંકેત એ છે કે, સમુદ્રમાં જમા રહેલ રશિયન ક્રૂડનો સ્ટોક ઝડપથી ઘટી રહ્યો છે. ગયા વર્ષના અંતે આ સ્ટોક ૧૫૫ મિલિયન બેરલ હતો. હવે તે ઘટીને માત્ર ૧૦૦ મિલિયન બેરલ રહી ગયો છે. જે સૂચવે છે કે રશિયન ક્રૂડની વૈશ્વિક માંગમાં સતત વધારો થઈ રહ્યો છે અને સપ્લાય પર દબાણ વધી રહ્યું છે. શિયા-યુક્રેન યુદ્ધ બાદ રશિયાએ ભારતને આકર્ષક ડિસ્કાઉન્ટ ઓફર કર્યું હતું. હોર્મુઝ સંકટ વચ્ચે પશ્ચિમ એશિયાના રસ્તાઓ અસુરક્ષિત બનતા ભારતને વૈકલ્પિક માર્ગની જરૂર હતી. અર્થતંત્ર પર અસર જોવા મળી રહી છે. ક્રૂડના ભાવ વધતા મોંઘવારી વધે છે, જેને નિયંત્રિત કરવા સરકાર સસ્તું ક્રૂડ ખરીદવા મક્કમ છે.

### ભાણેજના પ્રેમમાં મામી ફીદા થઈ

# લખનઉમાં રહેતી એક મહિલાને પોતાના ભાણેજ સાથે પ્રેમ થઈ ગયો

(સંપૂર્ણ સમાચાર સેવા)લખનઉ

ઉત્તર પ્રદેશના લખનઉમાંથી એક સનસનીખેજ કિસ્સો સામે આવ્યો છે. અહીં એક મહિલાને પોતાના ભાણેજ પર ફીદા થઈ ગઈ. જ્યારે તેને જાણ થઈ કે આ વાત સાસુને ખબર પડી ગઈ છે તો તેણે પ્રેમથી રોટલી ખવડાવી. પછી તેમાં ઝેર ભેળવી દીધું અને સાસુને રોટલી ખવડાવી દીધી. જોકે બીજા જ દિવસે સાસુનું મોત થઈ ગયું. પછી ભાણેજ સાથે મળીને સાસુની લાશને જમીનમાં દફનાવી દીધી. હવે આ સમગ્ર હત્યાના મામલાનો ખુલાસો થયો તો પોલીસે મહિલાની ધરપકડ કરી જેલમાં મોકલી દીધી છે. આવો જાણીએ શું છે સમગ્ર મામલો.આ ઘટના કાકોરીના ઈબ્રાહિમગંજ ગામની છે. ૬૫ વર્ષનાં શાંતિ દેવીની હત્યાનો ખુલાસો થયો છે. હકીકતમાં વહુ શાલિની અને ભાણેજ વચ્ચે આડા સંબંધો હતા. લાંબા સમયથી તેઓ બધાથી છુપાઈને પ્રેમના પુષ્પો ખીલવી રહ્યા હતા. એક દિવસ સાસુ શાંતિને જાણ થઈ કે કરણ અને શાલિની વચ્ચે કંઈક ચાલી રહ્યું છે. આ વાતને લઈ નારાજગી વ્યક્ત કરી. તેના પર વહુ ભડકી ગઈ. તેણે સાસુને મોતને ઘાટ ઉતારવાનું કાવતરું બનાવ્યું.

૫ એપ્રિલના રોજ શાલિનીએ ભાણેજ કરણ પાસે ઝેર મગાવ્યું. પછી રોટલીમાં ઝેર નાખી સાસુને ખવડાવી દીધી. બીજા દિવસે ૬ એપ્રિલના રોજ શાંતિ દેવીનું મોત થઈ ગયું. પછી કરણ અને શાલિનીએ લાશને લઈ જમીનમાં દફનાવી દીધી. તો વળી, પતિ મનોજને શંકા ગઈ કે આવું તે કેવી રીતે માતાનું મોત થઈ શકે. તેણે શાલિની અને કરણ વિરુદ્ધ પોલીસમાં ગુનો નોંધાવ્યો.

પોલીસે લાશને જમીનમાંથી કઢાવી અને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી. ત્રણ ડોક્ટરની પેનલે પોસ્ટમોર્ટમ રિપોર્ટ તૈયાર કર્યો. જોકે રિપોર્ટમાં મોતના કારણો સ્પષ્ટ થયા નથી. પણ પોલીસે તપાસ ચાલુ રાખી છે. પછી જાણવા મળ્યું કે શાલિનીએ ઝેર મગાવ્યું હતું. જ્યારે કડકાઈથી પૂછપરછ કરી, તો હત્યારી વહુએ બધું કબૂલી લીધું. તેણે જણાવ્યું કે ભાણેજ સાથેના આડા સંબંધની જાણ સાસુને થઈ ગઈ હતી અને તે અમારી વચ્ચે આવી રહી હતી, એટલા માટે તેની હત્યા કરી નાખી. હવે કાકોરી પોલીસ કરણને પણ શોધી રહી છે

### અમેરિકાની નાકાબંધી નિષ્ફળ

# Hormuz Straitમાં ઈરાનની મદદથી ચીની ટેન્કર સુરક્ષિત રીતે પસાર

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

હોર્મુઝ જળમાર્ગમાં અમેરિકાની નાકાબંધી ૨૪ કલાકની અંદર જ નિષ્ફળ સાબિત થઈ છે. હકીકતમાં, ઈરાનની પરવાનગી લઈને આ સાંકડા માર્ગેથી ચીનનું એક માલવાહક જહાજ આરામથી પસાર થઈ ગયું. ચીની જહાજને અમેરિકા રોકી શક્યું નહીં. રસપ્રદ વાત એ છે કે આ જહાજ પર વર્ષો પહેલા અમેરિકાએ પ્રતિબંધ મૂક્યો હતો, તેમ છતાં ચીનના આ મેથેનોલ ટેક્કર પર અમેરિકા હુમલો કરી શક્યું નથી. સોમવારે (૧૩ એપ્રિલ) ચીની ટેક્કર 'રિચ સ્ટારી' કેશમ ટાપુ પાસેથી પસાર થઈને હોર્મુઝ પહોંચ્યું હતું. પહેલા જહાજને થોડા સમય માટે કેશમ પાસે રોકવામાં આવ્યું હતું, ત્યારબાદ તેને આરામથી હોર્મુઝના રસ્તે રવાના કરવામાં આવ્યું. મંગળવારે સવારે આ ટેક્કર ઓમાનની ખાડીમાં જોવા મળ્યું હતું, એ જ વિસ્તારમાં જ્યાં અમેરિકાએ તેના સૈન્ય કાફલા સાથે નાકાબંધીની જાહેરાત કરી છે. આ ટેક્કર પર્સિયન ખાડીથી પહેલા હોર્મુઝ પાસે આવ્યું હતું. પ્રથમ પ્રયાસમાં તે હોર્મુઝ ઓળંગવામાં નિષ્ફળ રહ્યું, પરંતુ બીજા પ્રયાસમાં તે સફળતાપૂર્વક પસાર થઈ ગયું. તે ચીનના બંદર તરફ જઈ રહ્યું છે. અગાઉ ચીનના સંરક્ષણ મંત્રી એડમિરલ ડોંગ જૂને અમેરિકાને હોર્મુઝના મામલે ચેતવણી આપી હતી કે અમેરિકા અમારા મામલામાં દખલ ન કરે, નહીં તો પરિણામ ખરાબ આવશે.અમેરિકન સેન્ટકોમનું કહેવું છે કે તેણે અરબી સમુદ્ર અને ઓમાનની ખાડીમાં યુદ્ધ જહાજો તૈનાત કર્યા છે. અમેરિકન સૈનિકો હોર્મુઝમાંથી પસાર થતા કોઈપણ જહાજ પર હુમલો કરશે. અમેરિકાએ ઈરાન પર દબાણ લાવવા માટે હોર્મુઝની બહાર જહાજો તૈનાત કર્યા છે.વાઈસ પ્રેસિડેન્ટ જેડી વાન્સના જણાવ્યા અનુસાર આ એક સફળ યોજના છે. તેના દ્વારા ઈરાન વાટાઘાટોના ટેબલ પર આવશે. તે પરમાણુ હથિયાર નહીં બનાવવાની જાહેરાત કરશે. અમે ઈરાનને આર્થિક નુકસાન પહોંચાડવા માંગીએ છીએ.

### ૧૨ લાખના મુદ્દામાલ સાથે બે શખસો ઝડપાયા

# નરોડા નજીક કારમાંથી મળી આવ્યો દારૂનો મસમોટો જથ્થો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

રાજ્યમાં દારૂબંધીના અમલ વચ્ચે પોલીસ દ્વારા બુટલેગરો પર કડક નજર રાખવામાં આવી રહી છે. આ દરમિયાન અમદાવાદ શહેર પ્રિવેન્શન ઓફ ક્રાઈમ બ્રાન્ચ **(PCB)**ની ટીમને મોટી સફળતા મળી છે.

નરોડા પોલીસ સ્ટેશનની હદમાં પીસીબીએ વોચ ગોઠવીને લાખો રૂપિયાના વિદેશી દારૂ અને બિયરના જથ્થા સાથે બે બુટલેગરોને ઝડપી પાડ્યા છે.મળતી માહિતી અનુસાર, પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે રાજસ્થાનના ડુંગરપુરથી એક સફેદ રંગની **SUV** કારમાં વિદેશી દારૂનો મોટો જથ્થો ભરીને અમદાવાદ લાવવામાં આવી રહ્યો છે. આ બાતમીના આધારે પીસીબીની ટીમે નરોડા વિસ્તારમાં સધી માતા ચાર રસ્તા પાસે આવેલા આયુષ્માન પ્લાઝા કોમ્પલેક્ષ સામે વોચ ગોઠવી હતી. બાતમી મુજબની કાર નજરે પડતા પોલીસે તેનો પીછો કરી તેને અટકાવી હતી.

પોલીસે જ્યારે અટકાવેલી કારની તપાસ કરી ત્યારે અધિકારીઓ પણ ચોંકી ગયા હતા. કારની અંદરથી ભારતીય બનાવટના વિદેશી દારૂની નાની-મોટી બોટલો અને બીયરના ટીન મળી આવ્યા હતા. ગણતરી કરતા કુલ **1,785** નંગ દારૂ અને બીયરનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. પોલીસે આ કાર્યવાહીમાં **12.95** લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.જ્યારે ઘટના સ્થળેથી પોલીસે કારમાં સવાર **31** વર્ષીય કમલેશ શંકરલાલ રોત અને **35** વર્ષીય ગોવિંદ લાલુરામ કટારા અટકાત કરી છે. તપાસ દરમિયાન ખુલ્યું હતું કે આ દારૂનો જથ્થો મોકલનાર અને મંગાવનાર અન્ય શખસો પણ સામેલ છે. જેમાં નીલેશ કલાલ (રહે. ડુંગરપુર), પૃથ્વી (રહે. અમદાવાદ) અને રાજસ્થાનના બોરીગાવના દારૂના ઠેકાના માલિકને પોલીસે વોન્ટેડ જાહેર કરી તેમને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે. નરોડા પોલીસે આ મામલે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મદદના બહાને ATM કાર્ડ બદલી ઠગાઈ આચરતી આંતરરાજ્ય ગેંગ ઝડપાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરત શહેરની સચિન **GIDC** પોલીસે એટીએમ (**ATM**) સેન્ટર પર લોકોની મદદ કરવાના બહાને તેમનું કાર્ડ બદલીને છેતરપિંડી આચરતી એક રીઢી ગેંગના બે સભ્યોને ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે. પોલીસને આરોપીઓ પાસેથી અલગ-અલગ બેંકોના ૫૪ જેટલા **ATM** કાર્ડ મળી આવ્યા છે.

આ ગેંગના સભ્યો એટીએમ સેન્ટરની આસપાસ વોચ રાખતા હતા. જ્યારે કોઈ વ્યક્તિ (ખાસ કરીને મજૂર વર્ગ કે વયોવૃદ્ધ) ને પૈસા ઉપાડવામાં તકલીફ પડતી, ત્યારે આ ગઠિયાઓ મદદ કરવાના બહાને તેમની પાસે જતા હતા. વાતોમાં ભોળવીને તેઓ ફરિયાદીનો પિન નંબર જાણી લેતા અને નજર ચૂકવીને અસલી એટીએમ કાર્ડ પોતાની પાસે રાખી તેની જગ્યાએ નકલી કે ડમી કાર્ડ પકડાવી દેતા હતા. ત્યારબાદ ગણતરીની મિનિટોમાં જ ફરિયાદીના ખાતામાંથી રૂપિયા ઉપાડી લેતા હતા.

સચિન **GIDC** પોલીસની પૂછપરછમાં સામે આવ્યું છે કે, આ ગેંગ માત્ર સુરત કે ગુજરાત પૂરતી સીમિત નથી. પકડાયેલા આરોપીઓએ ગુજરાત ઉપરાંત ઉત્તર પ્રદેશ (**UP**) માં પણ અનેક લોકો સાથે આ પ્રકારે ઠગાઈ આચરી હોવાની કબૂલાત કરી છે. તેમની પાસે મળી આવેલા ૫૪ કાર્ડ સૂચવે છે કે તેઓએ કેટલા મોટા પાયે આ નેટવર્ક ફેલાવ્યું હશે.

### બિજનૌરમાં એક સનસનાટીભરી ઘટના સામે આવી

# બે લાખ રૂપિયા હડપવા માટે એક વ્યક્તિએ પોતાના જ સંબંધીની નિર્મમ હત્યા કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)બિજનૌર

ઉત્તર પ્રદેશના બિજનૌર જિલ્લામાંથી એક હચમચાવતી ઘટના સામે આવી છે. અહીં નૂરપુરના રહેવાસી વેપારી ઈસરાર અલીની તેમના સંબંધી આશુ સિદ્દીકીએ બે મિત્રો શાહનવાઝ અને જાબિર સાથે મળીને ૮ ફેબ્રુઆરીએ ગળું દબાવીને હત્યા કરી દીધી હતી. આશુએ ઈસરાર પાસે રહેલા બે લાખ રૂપિયા હડપવા માટે આ ઘટનાને અંજામ આપ્યો હતો. આરોપીઓએ મૃતદેહને નૂરપુરની દૌલતપુર ચોકી પાસે પોશાક નહેરની ઝાડીઓમાં ફેંકીને પેટ્રોલથી સળગાવી દીધો હતો, જેથી તેની ઓળખ ન થઈ શકે. પોલીસે મોબાઈલ લોકેશન અને ઝહૂઈના આધારે તપાસ કરીને આરોપીઓની ધરપકડ કરી છે. આરોપીઓના જણાવ્યા અનુસાર, પોલીસે નહેર કિનારેથી ઈસરારનું બળેલું કંકાલ કબજે કર્યું, જેની ઓળખ પરિવારજનોએ હાથના બ્રેસલેટ પરથી કરી હતી. એસપી પૂર્વી અમિત કિશોર શ્રીવાસ્તવે જણાવ્યું કે, મૃતક ઈસરાર અલી પોતાના સંબંધી આશુ સિદ્દીકી પાસે બે લાખ રૂપિયા લઈને ગયો હતો. આટલી મોટી રકમ જોઈને આશુની દાનત બગડી ગઈ હતી. તેણે પોતાના બે સાથીઓ સાથે મળીને હત્યાનું કાવતરું ઘડ્યું અને ઈસરારને ગાડીમાં બેસાડીને લઈ ગયો હતો. રસ્તામાં ગળું દબાવ્યા બાદ પુરાવા નાશ કરવા માટે લાશને પેટ્રોલ છાંટી સળગાવી દેવામાં આવી હતી. ઈસરાર ગુમ થયા પછી ૮ માર્ચે તેના ભાઈ અફસર અલીએ રિપોર્ટ નોંધાવ્યો હતો. પોલીસ તપાસમાં જાણવા મળ્યું કે, ઈસરાર છેલ્લી વખત આશુના ઘરે ગયો હતો. કડકાઈથી પૂછપરછ કરતા આશુએ પોતાનો ગુનો કબૂલ કરી લીધો હતો. પોલીસને ઘટનાસ્થળેથી નરકંકાલની સાથે તે કેન પણ મળ્યું છે જેનાથી પેટ્રોલ લાવવામાં આવ્યું હતું. આ સિવાય મૃતકના બે મોબાઈલ પણ મળી આવ્યા છે.

નવાઈની વાત એ છે કે, હત્યાકાંડનો માસ્ટરમાઈન્ડ આશુ સિદ્દીકી ક્ષેત્ર પંચાયત સભ્ય પણ છે. પોલીસે ત્રણેય આરોપીઓની ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે. આ સનસનાટીભર્યા ખુલાસા બાદ વિસ્તારમાં ફફડાટ ફેલાયો છે. પોલીસે આ મામલે તમામ પુરાવાઓ એકત્ર કર્યા છે જેથી દોષિતોને કડક સજા અપાવી શકાય.

ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# કોંગ્રેસને પક્ષ પલ્ટુઓનો ડરઃ ગુજરાતના ૧૫થી વધુ ઉમેદવારોને રાજસ્થાનમાં અંડરગ્રાઉન્ડ કરાયા

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં ઉમેદવારી ફોર્મ ખેંચવાના ગણતરીના કલાકો બાકી છે. આજે ૧૫ એપ્રિલે ઉમેદવારી ફોર્મ પાછુ ખેંચવાનો અંતિમ દિવસ છે. ત્યારે હવે કોંગ્રેસને હોર્સ ટ્રેડીંગનો ડર લાગી રહ્યો છે. છેલ્લી ઘડીએ ખેલ પડી જવાના ડર થી કોંગ્રેસે ફરી એકવાર રીસોર્ટ પોલીટીકસ શરૂ કર્યુ છે. પક્ષ પલ્ટુઓના ડર થી કોંગ્રેસે પોતાના ઉમેદવારોની તડજોડ ટાળવા માટે કવાયત શરૂ કરી દીધી છે અને ઉમેદવારોને છેક બીજા રાજયમાં એટલે કે રાજસ્થાનમાં ગુપ્ત સ્થળે સંતાડી દીધા હોવાની માહિતી બહાર આવી રહી છે.




અમદાવાદ, સુરત, રાજકોટ, સુરેન્દ્રનગર, મોરબી, વાપી, સહિત વિવિધ જિલ્લાઓમાં કોંગ્રેસના જે ઉમેદવારોના ફોર્મ માન્ય રહ્યા છે તેમને ગુપ્ત સ્થળે ખસેડી દેવામાં આવ્યા છે. આ તરફ સુરતમાં પણ ચુંટણી માટે ભરાયેલા ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાની આજે ૧૫ એપ્રિલ છેલ્લી તારીખ છે. નિલેશ કુંભાણી પ્રકરણથી પાઠ લઈ કોંગ્રેસે નવી રણનીતી અપનાવી હોવાની માહિતી બહાર આવી રહી છે. જેને ધ્યાને રાખીને કોંગ્રેસે ૪૦ ઉમેદવારોને ગુપ્ત સ્થળે ખસેડી દેવામાં આવ્યા છે. શહેરથી દુર ૧૧ સિક્રેટ લોકેશન પર ઉમેદવારો માટે સેફ હાઉસ જેવો માહોલ સર્જી તેઓની કિલ્લેબંધી કરાઈ છે. જે મામલે સુરતના શહેર કોંગ્રેસ પ્રમુખ વિપુલ ઉધનાવાલાએ આક્ષેપ કર્યો હતો કે કોંગ્રેસના ઉમેદવારોને ધમકીઓ મળી રહી છે. ત્યારે જવાબમાં સુરતના પૂર્વ મેયર અને ભાજપના પ્રવકતા હેમાલીબેન બોઘાવાલાએ પલટવાર કરી, કોંગ્રેસને પોતાના ઉમેદવારો પર હવે વિશ્વાસ નથી રહ્યો હોવાનુ નિવેદન આપ્યુ છે.

તો બીજી તરફ અમદાવાદના સરખેજ વોર્ડમાં કોંગ્રેસના ૨ ઉમેદવાર સંપર્ક વિહોણા થયા છે. એક ઉમેદવાર ફોર્મ પરત ખેંચી ભાજપને સમર્થન કર્યુ હોવાનુ બહાર આવ્યુ છે. તો ૨ ઉમેદવાર કોંગ્રેસથી સંપર્ક વિહોણા થયા છે, કંચનબેન પ્રજાપતિ અને વારીસ અલી સૈયદ થયા છે સંપર્ક વિહોણા, વેજલપુરના ધારાસભ્ય અમિત ઠાકરે કોંગ્રેસ ઉમેદવારનો ખેલ પાડયો હોવાનુ બહાર આવ્યુ છે. ત્યારે કોંગ્રેસ દ્વારા ડેમેજ કંટ્રોલ કરવા મથામણ શરૂ કરાઈ હોવાથી રાજકીય માહોલમાં ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે. તો બીજી તરફ રાજકોટમાં કોંગ્રેસના જે ઉમેદવારોના ફોર્મ માન્ય રહ્યા છે તેમને ગુપ્ત સ્થળે ખસેડી દેવામાં આવ્યા છે. ૩૦ થી વધુ ઉમેદવારોને અજ્ઞાત સ્થળે લઈ જવામાં આવ્યા હોવાની માહિતી બહાર આવી રહી છે. અન્ય પક્ષો કેટલાક ઉમેદવારોનો સંપર્ક સાધવાનો પ્રયાસ કરી રહ્યા હોવાથી કોંગ્રેસે પોતાના ઉમેદવારોને છુપાવી દીધા છે. ત્યારે આજે બપોર બાદ જ ઉમેદવારોને પરત રાજકોટ લાવવામાં આવી શકે તેવુ હાલમાં જાણવા મળી રહ્યુ છે.

ઉલ્લેખનીય છે કે રાજકોટ કોગ્રેસના ઉમેદવારોને અજ્ઞાત સ્થળે ખસેડવાના મામલે શહેર કોંગ્રેસ પ્રમુખ ડો. રાજદીપસિંહ જાડેજાએ ભાજપ પર દબાણ સર્જવાનો આક્ષેપ કર્યો છે. તેમણે વધુમાં કહ્યુ હતુ કે ઉમેદવારો પર ફોર્મ પાછુ ખેંચાવવા માટે પ્રયાસો થઈ રહ્યા હતા ત્યારે આ આક્ષેપોને જવાબ આપતા શહેર ભાજપ પ્રમુખ માધવ દવે એ જણાવ્યુ હતુ કે ભાજપની કોઈ તોડજોડ નીતી નથી અને કોંગ્રેસ પોતાના ઉમેદવારોને સાચવી શકતી નથી, ત્યારે બંને પક્ષોના આક્ષેપ - પ્રતિ આક્ષેપ થી રાજકીય માહોલ તંગ બન્યો છે. તો બીજી તરફ વલસાડ જિલ્લામાં પણ પોતાના ઉમેદવારો તુટવાના ડર થી કોંગ્રેસે મોટા ભાગના ઉમેદવારોને અંડર ગ્રાઉન્ડ કર્યા છે. મોટાભાગના ઉમેદવારોએ કોંગ્રેસ પ્રવાસના બહાને રાજસ્થાન લઈ ગઈ છે. વાપી મહાનગર પાલિકામાં કોંગ્રેસના ૫૦ જેટલા ઉમેદવારો ચુંટણી મેદાનમાં છે તેમાંથી ૨૦ ઉમેદવારો અત્યારે વાપી માં પાર્ટીના સંપર્કમાં છે, છતાં ઉમેદવારો તુટવાના ડર ને કારણે કોંગ્રેસ ૩૦ જેટલા ઉમેદવારોને પ્રવાસના બહાને રાજસ્થાન લઈ જઈ અંડરગ્રાઉન્ડ કરી દેવામાં આવ્યા છે. રાજસ્થાન લઈ જવાયેલા તમામ ઉમેદવારોને કોંગ્રેસ આજે સાંજે વાપી પરત લાવશે તેવુ જાણવા મળી રહ્યુ છે.

# પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળે વર્ષ ૨૦૨૫–૨૬ દરમિયાન આવક, ટ્રેન સંચાલન અને સુરક્ષા ક્ષેત્રે રચ્યો નવો ઈતિહાસ






પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળે મંડલ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માના માર્ગદર્શન અને પ્રયત્નોથી નાણાકીય વર્ષ ૨૦૨૫–૨૬ દરમિયાન ઉત્તમ પ્રદર્શન કરતા આવક, ટ્રેન સંચાલન કાર્યક્ષમતા, યાત્રી સુવિધાઓ તેમજ સુરક્ષા ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી છે. મંડળે આ વર્ષે અનેક માપદંડોમાં "હાલ સુધીનું સવર્શ્રેષ્ઠ" પ્રદર્શન નોંધાવ્યું છે, જે રેલવેના સર્વાંગી વિકાસ અને મુસાફર હિત પ્રત્યેની પ્રતિબદ્ધતાને દર્શાવે છે. આ સિદ્ધિઓ ભવિષ્યમાં વધુ સારી સેવાઓ પ્રદાન કરવા માટે પ્રેરણારૂપ સાબિત થશે.

**આવક ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિઓ**

મંડળ દ્વારા વર્ષ ૨૦૨૫–૨૬ દરમિયાન કુલ આવક રૂા.૧૩૪૫.૬૩ કરોડ નોંધાઈ, જે ગયા વર્ષની સરખામણીએ ૭.૭% વધુ છે.

- યાત્રી આવક (Passenger Earning) રૂા.૩૧૩.૩૯ કરોડ (૧૭.૯% વૃદ્ધિ) – અત્યાર સુધીની સર્વાધિક
- માલ આવક (Goods Earning) રૂા.૯૭૫.૮૮ કરોડ
- ટિકિટ તપાસ આવક રૂા.૭.૧૫ કરોડ (૪૮.૮% વૃદ્ધિ) – અત્યાર સુધીની સર્વાધિક
- વિવિધ આવક (Sundry Earning) રૂા.૩૦.૧૩ કરોડ (૧૩.૯% વૃદ્ધિ)
- નોન-ફેર આવક (NFR) રૂા.૪.૨૪ કરોડ (રેકોર્ડ ૯% વૃદ્ધિ)
- કેટરિંગ અને પાર્કિંગ આવકમાં પણ નોંધપાત્ર વધારો નોંધાયો

મંડળે એક જ દિવસે (૦૪.૧૧.૨૦૨૫) રૂા.૧.૩૪ કરોડની યાત્રી આવક તથા એક મહિના (નવેમ્બર-૨૦૨૫) દરમિયાન રૂા.૨૯.૫૦ કરોડની રેકોર્ડ યાત્રી આવક પ્રાપ્ત કરી.

**સંચાલન ક્ષેત્રે ઉત્તમ પ્રદર્શન**

મંડળે માલ પરિવહન અને સંચાલનમાં અનેક નવા રેકોર્ડ સ્થાપિત કર્યા—

- ખાતરની સર્વાધિક માસિક લોડિંગઃ ૯૪ રેક (ડિસેમ્બર-૨૦૨૫)
- LPG લોડિંગઃ ૭૭ રેક (એપ્રિલ-૨૦૨૫)
- એક જ દિવસે ૬૩૦ વેગનોની લોડિંગ
- વર્ષ દરમિયાન ૫૭૦૩ ક્રેક ટ્રેનોનું સંચાલન
- ઔસત ગતિ અને વેગન ટર્નઅરાઉન્ડમાં સુધારો

સમયપાલનમાં ૯૬.૪૮% હાંસલ કરીને મંડળે પશ્ચિમ રેલવેમાં પ્રથમ અને ભારતીય રેલવેમાં ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યું.

**સુરક્ષા ક્ષેત્રે મહત્વપૂર્ણ સિદ્ધિઓ**

મંડળે સુરક્ષા ક્ષેત્રે પણ ઉત્તમ કાર્ય કર્યું—

- ૨૨ લેવલ ક્રોસિંગ બંધ કર્યા
- ૦૫ સ્ટેશનો પર ફાયર એલાર્મ સિસ્ટમ સ્થાપિત
- "ઝીરો SPAD અને BOR" સિદ્ધિ પ્રાપ્ત
- ગીર વિસ્તારમાં ૧૦૫ સિંહોના સફળ સંરક્ષણને સુનિશ્ચિત કર્યું

**મુસાફર સુવિધાઓનો વિકાસ**

યાત્રિયોની સુવિધા માટે—

- ૬ સ્ટેશનો પર FOBનું નિર્માણ
- ૧૨ સ્ટેશનો પર ડિજિટલ સુવિધાઓ
- ૧૪ સ્ટેશનોનું પુનર્વિકાસ
- કવર શેડ અને અન્ય આધારભૂત સુવિધાઓનો વિસ્તરણ

**આધારભૂત સંરચના અને તકનીકી વિકાસ**

મંડળમાં ટ્રેક, સિગ્નલ, ટેલિકોમ અને વિદ્યુત સંરચનામાં વ્યાપક સુધારા કરવામાં આવ્યા—

- નવા ટ્રેક અને સાઈડિંગનું નિર્માણ
- ૭૨ કિમી OFC બિછાવવામાં આવ્યું
- ૨૦૭ CCTV કેમેરાની સ્થાપના
- ૫૩૪ KWp સોલાર ઊર્જા ક્ષમતાનો વિકાસ

**કર્મચારી કલ્યાણ ક્ષેત્રે પહેલ**

કર્મચારીઓના હિતમાં—

- ૯૬ નવા રહેણાંક મકાનોનું નિર્માણ
- ૧૦૦૦થી વધુ પ્રમોશન
- આરોગ્ય સેવાઓનું આધુનિકીકરણ
- ઓપન જિમ અને સમુદાય સુવિધાઓનો વિકાસ

ભાવનગર મંડળના વરિષ્ઠ મંડલ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું કે આ સિદ્ધિઓ પ્રગતિશીલ દષ્ટિકોણ, કુશળ વ્યવસ્થાપન અને કર્મચારીઓની સમર્પિત ભાવનાનું પરિણામ છે. મંડળ ભવિષ્યમાં પણ યાત્રી સુવિધાઓના વિસ્તરણ, સુરક્ષા મજબૂત બનાવવા અને આવક વૃદ્ધિ માટે સતત પ્રયત્નશીલ રહેશે.

# મોરબીના વોર્ડ નં. ૬ માં ભાજપના નેતાઓએ પ્રવેશ કરવો નહીઃ પ્રવેશ બંધીના લાગ્યા પોસ્ટરો

પ્રતિનિધિ,ગાંધીનગર

મોરબી મહાનગરપાલિકા બન્યા બાદ પ્રથમ વખત ચુંટણી યોજાઈ રહી છે. ટીકીટ વહેંચણી મુદ્દે ભાજપમાં આંતરીક અસંતોષ જોવા મળ્યો હતો અને ભાજપ માંથી ટીકીટ નહી મળતા જુના જોગીઓએ અપક્ષ ઉમેદવારી નોંધાવી છે. ત્યારે મોરબીના વોર્ડ નં. ૬ માં ભાજપ નેતાઓ માટે પ્રવેશબંધીના બેનરો અને પોસ્ટરો લાગી ગયા છે.




મોરબીના વોર્ડ નં. ૬ વિસ્તારમાં ભાજપ નેતાઓ માટે પ્રવેશબંધીના બેનરો ઠેર ઠેર જોવા મળી રહ્યા છે. જેમાં લખ્યુ છે કે વોર્ડ નં. ૬ માં ભાજપના નેતા કે આગેવાનોએ અમારા વિસ્તારમાં ચુંટણી પ્રચાર કરવા આવવુ નહી, જેની તમામ નજરમાં કિંમત નથી એવો અમારો કિંમતી અને પવિત્ર મત માંગવા આવવો નહી બેનર નીચે લખેલ છે. વિસ્તારના જાગૃત રહેવાસીઓએ લખ્યુ છે કે આમ મહાનગરપાલિકા બન્યા બાદ પણ કોઈ પુછવા આવ્યુ નથી, મોરબી મહાનગરપાલિકામાં ભાજપના અસંતુષ્ટોએ અપક્ષ ઉમેદવારી નોંધાવ્યા બાદ હવે મતદારો પણ વિરોધ કરી રહ્યા છે અને ભાજપના નેતાઓ સામે આક્રોશ ઠાલવી રહ્યા છે. ત્યારે ચુંટણીમાં ભાજપ માટે કેવા કપરા ચઢાણ જોવા મળે છે તે આવનારો સમય જ બતાવશે.

# મંડળ રેલ પ્રબંધક દ્વારા મીટર ગેજ સેક્શનનું વ્યાપક નિરીક્ષણ કરવામાં આવ્યું




પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળના મંડલ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્મા દ્વારા તારીખ ૧૧ એપ્રિલ, ૨૦૨૬ (શનિવાર)ના રોજ મંડળના વિવિધ રેલવે સ્ટેશનો તેમજ મીટર ગેજ રેલ ખંડનું વ્યાપક નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન બ્રોડ ગેજના ખોડિયાર મંદિર, સિહોર જંકશન, સોનગઢ, સણોસરા અને ધોળા જંકશન સહિત મીટર ગેજ ખંડના સવની, તાલાલા જંકશન, કાંસીયાનેશ, સાસણ ગીર અને વિસાવદર સ્ટેશનોની મુલાકાત લેવામાં આવી હતી. નિરીક્ષણ દરમિયાન મંડલ રેલ પ્રબંધકે રેલ પરિચાલન, સંરક્ષા વ્યવસ્થા અને યાત્રી સુવિધાઓનું સઘન અવલોકન કર્યું હતું. તેમણે મીટર ગેજ ખંડના વિકાસ અને તેની વિશિષ્ટ ઓળખને વધુ મજબૂત બનાવવા પર ખાસ ભાર મૂક્યો હતો. સાથે સાથે સ્ટેશનોના ભાવિ પુનર્વિકાસ (રીડેવલપમેન્ટ) માટેની યોજનાઓ અંગે મંડળના શાખા અધિકારીઓ સાથે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. શ્રી વર્માએ મીટર ગેજ ખંડની વારસાગત વિશેષતાઓ, માળખાકીય સ્થિતિ અને પર્યટન સંભાવનાઓનું વ્યાપક મૂલ્યાંકન કર્યુ હતું. ખાસ કરીને ગીર વિસ્તારમાં જોડાયેલા આ માર્ગને "રેલ સફારી" તરીકે વિકસાવવા અંગે વિસ્તૃત વિચાર-વિમર્શ કરવામાં આવ્યો હતો. આ સંદર્ભમાં સાસણ ગીર (SASG) સહિત અન્ય સ્ટેશનોના ઉન્નતિકરણ સાથે તેમની ઐતિહાસિક ઓળખ જાળવી રાખીને આધુનિક સુવિધાઓ વિકસાવવા અંગે ચર્ચા થઈ હતી. નિરીક્ષણ દરમિયાન ટ્રેક માળખું, સિગ્નલિંગ સિસ્ટમ, પ્લેટફોર્મ વ્યવસ્થા, મુસાફર સુવિધાઓ, સુરક્ષા અને સંરક્ષા વ્યવસ્થાઓની વિગતવાર સમીક્ષા કરવામાં આવી અને સંબંધિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. મંડલ રેલ પ્રબંધકે તમામ વિકાસ કાર્યોને નિર્ધારિત ગુણવત્તા ધોરણો અને સુરક્ષા નિયમો મુજબ સમયમર્યાદામાં પૂર્ણ કરવાની સૂચના આપી હતી, જેથી રેલ પરિચાલન ક્ષમતા વધે અને મુસાફરોને વધુ સારી, સુરક્ષિત અને આધુનિક સુવિધાઓ મળી શકે. તેમણે અધિકારીઓ અને કર્મચારીઓને સંરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા, સ્ટેશન પરિસરમાં સ્વચ્છતા જાળવવા અને યાત્રી સુવિધાઓમાં સતત સુધારો કરવા માટે સતત પ્રયત્નશીલ રહેવા પર ભાર મૂક્યો હતો. આ નિરીક્ષણ કાર્યક્રમ ખૂબ જ સકારાત્મક અને દૂરંદેશી રહ્યો, જેમાં વારસાનું સંરક્ષણ, પર્યટનનો વિકાસ અને મુસાફરોને અનોખો પ્રવાસ અનુભવ આપવા પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

# ભાજપના પૂર્વ ધારાસભ્ય કેસરીસિંહ કોંગ્રેસમાં જોડાયાઃ ગુજરાતના રાજકારણ માં પક્ષપલ્ટાનો દોર શરૂ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના રાજકારણમાં એક મહત્વપૂર્ણ ફેરફાર થવા પામ્યો છે. જયાં ભાજપના પૂર્વ ધારાસભ્ય કેસરીસિંહ કોંગ્રેસમાં સત્તાવાર રીતે જોડાઈ ગયા છે. તેઓએ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાની હાજરીમાં કોંગ્રેસનો ખેસ ધારણ કરીને પક્ષમાં પ્રવેશ કર્યો હતો. આ પ્રસંગે તેમના સમર્થકો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.




કેસરીસિંહ તેમના સમર્થકો સાથે પ્રદેશ કાર્યાલય ખાતે પહોચ્યા હતા. જયાં તેમને કોંગ્રેસમાં આવકારવામાં આવ્યા હતા, તેમના જોડાવવાને કારણે રાજયના રાજકારણમાં નવી ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે અને ખાસ કરીને સ્થાનિક સ્તરે તેની અસર જોવા મળી શકે છે. ઉલ્લેખનીય છે કે કેસરીસિંહ વર્ષ ૨૦૧૭ માં માતર વિધાનસભા બેઠક પરથી ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર તરીકે ચુંટાયા હતા. તેઓ તે સમયે ભાજપના સક્રિય અને પ્રભાવશાળી નેતા તરીકે જાણીતા હતા, પરંતુ પક્ષ વિરોધી પ્રવૃત્તિઓના આરોપને કારણે ભાજપ દ્વારા તેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ રાજકીય રીતે તેઓ થોડા સમયથી નિષ્ક્રિય રહ્યા હતા. પરંતુ હવે કોગ્રેસમાં જોડાઈને તેમણે ફરી સક્રિય રાજકારણમાં વાપસી કરી છે. કેસરીસિંહ ના કોંગ્રેસમાં પ્રવેશને પક્ષ માટે મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે. આવનારા સમયમાં તેઓ પાર્ટી માટે કેટલા અસરકારક સાબિત થાય છે અને સ્થાનિક રાજકારણમાં શું બદલાવ લાવે છે તે જોવુ મહત્વપૂર્ણ બની રહેશે.

### બોઈલરમાં ધડાકા સાથે ગેસ ગળતર

# ભરૂચના ઝઘડિયામાં કેમિકલ કંપનીમાં ગેસ લિકેજ થયો

(સંપૂર્ણ સમાચાર સેવા)ભરૂચ

ઔદ્યોગિક ગઢ ગણાતા ભરૂચ જિલ્લાના ઝઘડિયા જીઆઈડીસી (GIDC) વિસ્તારમાંથી ગેસ લિકેજની એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહીં આવેલી 'એક્યુટાસ કેમિકલ કંપની'માં બોઈલરમાં અચાનક બ્લાસ્ટ થયા બાદ ગેસ ગળતર શરૂ થતા કંપની પરિસરમાં અફરાતફરી મચી ગઈ હતી. આ અકસ્માતમાં પ્લાન્ટ પર કામ કરી રહેલા બે કામદારો ઝેરી ગેસની અસરમાં આવી ગયા હતા.

પ્રાપ્ત વિગતો અનુસાર, એક્યુટાસ કેમિકલ કંપનીના પ્લાન્ટમાં કામકાજ ચાલુ હતું તે દરમિયાન અચાનક જ બોઈલર મશીનમાં ટેકનિકલ ખામી સર્જાતા જોરદાર બ્લાસ્ટ થયો હતો.

આ બ્લાસ્ટને કારણે કેમિકલ પ્રોસેસમાં વપરાતો ગેસ લીક થઈને વાતાવરણમાં ફેલાવા લાગ્યો હતો. ગેસ લિકેજની જાણ થતા જ સેફટી એલાર્મ વાગ્યા હતા અને અન્ય કામદારો સુરક્ષિત બહાર દોડી આવ્યા હતા.

ગેસ લિકેજની સીધી અસરમાં આવતા બે શ્રમિકોની તબિયત લથડી હતી. તેઓને શ્વાસ લેવામાં તકલીફ અને ગભરામણ જેવી ફરિયાદો થતા તાત્કાલિક અસરથી એમ્બ્યુલન્સ મારફતે અંકલેશ્વરની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હાલમાં બંને કામદારોની હાલત સ્થિર હોવાનું જાણવા મળ્યું છે.

સદનસીબે આ ભીષણ દુર્ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર નથી, જેને પગલે કંપની પ્રશાસન અને તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે. ઘટનાની જાણ થતા જ ફાયર ફાઈટરો અને જીઆઈડીસી પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. ગેસ લિકેજ પર કાબૂ મેળવ્યા બાદ હવે ફેકટરી ઈન્સ્પેકટર દ્વારા બોઈલર બ્લાસ્ટ પાછળના ચોક્કસ કારણોની તપાસ શરૂ કરવામાં આવી છે. કંપનીમાં સુરક્ષાના સાધનો અને નિયમોનું પાલન કરવામાં આવતું હતું કે નહીં તે અંગે પણ સવાલો ઉઠી રહ્યા છે.

# મારી અંતિમ વિધિ પત્ની નકકી કરશે : સચિવાલયમાં એસઆરપી જવાનના આપઘાતથી સનસનાટી

### ગાંધીનગર સચિવાલય ગેટ-૧ પાસે જવાને જીવન ટુંકાવ્યુંઃ મૃતક જવાન પાસેથી મળી આવી સ્યુસાઈડ નોટ

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયના પાટનગર ગાંધીનગરના સચિવાલયના ગેટ નં. ૧ સામે ગંભીર ઘટના બનવા પામી હતી. ગાંધીનગર સચિવાલય સંકુલના ગેટ નં. ૧ પાસે ફરજ બજાવતા એક એસઆરપી જવાને ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરી લેતા ચકચાર મચી જવા પામી હતી. આ ઘટનાને પગલે પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.



પોલીસ સુત્રો પાસેથી મળેલી માહિતી મુજબ મૃતક જવાનનુ નામ રાજેન્દ્રસિંહ ગોહિલ હતુ, જેમની ઉંમર ૪૯ વર્ષ હતી, તેઓ એસઆરપી ગૃપ-૯, વડોદરાના જવાન હતા અને હાલ ગાંધીનગર સચિવાલય ખાતે સુરક્ષા વ્યવસ્થામાં તૈનાત હતા, રાજેન્દ્રસિંહે પોતે નાઈટ ડયુટી પૂર્ણ કર્યા બાદ ગેટ નં. ૧ પાસે આવેલા એક વૃક્ષ સાથે ફાંસો ખાઈને પોતાનુ જીવન ટુંકાવ્યુ હતું. સવારના સમયે અન્ય કર્મચારીઓની નજર પડતા આ બનાવ પ્રકાશમાં આવ્યો હતો. પોલીસને તપાસ દરમિયાન મૃતક જવાન પાસેથી એક સ્યુસાઈડ નોટ મળી આવી હતી.

આ ચિઠ્ઠીમાં તેમણે અત્યંત ભાવુક વાતો લખી છે, તેમણે સ્પષ્ટપણે ચિઠ્ઠીમાં ઉલ્લેખ કર્યો છે કે તેમના આ પગલા માટે કોઈ વ્યકિત જવાબદાર નથી, જો કે સ્યુસાઈડ નોટમાં તેમણે મકાનના હિસાબ અંગેની કેટલીક બાબતોનો ઉલ્લેખ કર્યો હતો. જેના પરથી પ્રાથમિક અનુમાન લગાવાઈ રહ્યુ હતુ કે કદાચ આર્થિક અથવા મકાન ને લગતી કોઈ મુંઝવણને કારણે તેમણે આ આત્યાંતિક પગલુ ભર્યુ હોઈ શકે છે, પોતાની આ અંતિમ ચિઠ્ઠીમાં જવાને પરીવાર પ્રત્યેનો પ્રેમ પણ વ્યકત કર્યો હતો.

તેમણે વધુમાં લખ્યુ હતુ કે તેમની અંતિમવિધિ કયાં કરવી અને કેવી રીતે કરવી, તેનો સંપૂર્ણ નિર્ણય તેમની પત્ની લેશે, એક શિસ્તબધ્ધ દળના જવાન દ્વારા સચિવાલય જેવા હાઈ સીકયુરીટી ઝોનમાં આ પ્રકારે આત્મહત્યા કરવામાં આવતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. ગાંધીનગર પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી અકસ્માતનો ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### પરપ્રાંતમાંથી આવતા વાહનોની તલાશી

# શામળાજી ચેકપોસ્ટ પર વાહનોનું સઘન ચેકિંગ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગુજરાતમાં આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે, ત્યારે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ તંત્ર સજ્જ બન્યું છે.

ખાસ કરીને ગુજરાત અને રાજસ્થાનની સરહદે આવેલા અરવલ્લી જિલ્લાના શામળાજી નજીક અણસોલ ચેકપોસ્ટ પર પોલીસ દ્વારા કડક ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. ચૂંટણીના માહોલમાં કોઈ અનિચ્છનીય ઘટના ન બને અને શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પ્રક્રિયા પૂર્ણ થાય તે હેતુથી પોલીસ અત્યારથી જ એક્શન મોડમાં જોવા મળી રહી છે.

સરહદ પારથી આવતા નાના-મોટા તમામ વાહનોની પોલીસ દ્વારા બારીકાઈથી તપાસ કરવામાં આવી રહી છે.

ખાસ કરીને રાજસ્થાન તરફથી આવતી ખાનગી લક્ઝરી બસો, કાર અને ટ્રકોને અટકાવીને તેમાં કોઈ પ્રતિબંધિત ચીજવસ્તુઓ છે કે નહીં તેની ખાતરી કરવામાં આવી રહી છે. ચૂંટણી સમયે મતદારોને રિઝવવા માટે કોઈ માદક પદાર્થો કે કેફી પીણાં (દારૂ) નો જથ્થો ગુજરાતમાં ઘૂસાડવામાં ન આવે તે માટે પોલીસ રાત-દિવસ સતર્ક રહીને કામગીરી કરી રહી છે. સામાન્ય રીતે ચૂંટણી દરમિયાન દારૂ અને અન્ય નશીલા પદાર્થોની હેરાફેરીની શક્યતાઓ વધી જતી હોય છે. આ 'રંગીન' મિજાજ ધરાવતા તત્વોના મનસૂબાને નિષ્ફળ બનાવવા માટે પોલીસ પ્રશાસન એલર્ટ બન્યું છે. ચેકપોસ્ટ પર સીસીટીવી કેમેરા અને મેટલ ડિટેક્ટરની મદદથી પણ દેખરેખ રાખવામાં આવી રહી છે. પોલીસ અધિકારીઓના જણાવ્યા મુજબ, જ્યાં સુધી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી આ સરહદી ચેકિંગ ચાલુ રહેશે, જેથી રાજ્યમાં શાંતિ જળવાઈ રહે અને કોઈ પણ પ્રકારના લોભ-લાલચ વગર નિષ્પક્ષ ચૂંટણી યોજાઈ શકે.

વાલ્મિકી સમાજ ને સંગઠિત થવા અનુરોધ - સૈયદભાઈ શેખ

# ડો.બાબા સાહેબ આંબેડકરજીની ૧૩૫મી જન્મ જયંતીએ ગુજરાત પ્રદેશ મહાનગરપાલિકા કર્મચારી કોંગ્રેસ દ્વારા પુષ્પાંજલિ

## લોકસભા ધારાસભામાં મહિલા અનામત કાયદામાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની મહિલાઓને લાભ મળવો જોઈએઃ ભાઈલાલ વૈષ્ણવ



(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

ભારત રત્ન બંધારણના ઘડવૈયા,પ્રથમ કાયદાપ્રધાન અને ગરીબોના મસિહા ડો. બાબા સાહેબ આંબેડકરની ૧૩૫ મી જન્મ જયંતી પ્રસંગે ડો. બાબા સાહેબ આંબેડકરની રિંગ રોડ સ્થિત પ્રતિમાએ પુષ્પાંજલિ અને સ્મરણાંજલિ નો કાર્યક્રમ ગુજરાત પ્રદેશ મહાનગરપાલિકા કર્મચારી કોંગ્રેસ દ્વારા સવારે ૧૦:૦૦ કલાકે રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે ડો. બાબા સાહેબની પ્રતિમાને ફૂલહાર, પુષ્પાંજલિ અર્પણ કરી તેઓના કાર્યોને યાદ કરવામાં આવ્યા હતા. ગુજરાત પ્રદેશ મહાનગરપાલિકા કર્મચારી કોંગ્રેસના કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ડો. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને ફૂલહાર પુષ્પાંજલિ બાદ ન્યુ ઓપેરા હાઉસ સુરત ખાતે કાર્યકરોની મીટીંગ રાખવામાં આવી હતી. આ મિટિંગ ને સંબોધતા ગુજરાત પ્રદેશ મહાનગરપાલિકા કર્મચારી કોંગ્રેસના પ્રદેશ મહામંત્રી સૈયદભાઈ શેખે જણાવ્યું હતું કે, વાલ્મિકી સમાજ અન્ય સમાજો કરતા ઘણો જ પછાત છે અને તે શૈક્ષણિક દ્રષ્ટિએ પણ પછાત છે. આ સમાજનો ખરેખર વિકાસ થવો જોઈએ. આ સમાજનું આર્થિક શોષણ અટકાવવું જોઈએ અને તેઓને પૂરતો રોજગાર અને ન્યાય મળવો જોઈએ વાલ્મિકી સમાજ એ સંગઠિત થવું જોઈએ અને સંગઠિત થઈ તેઓના હક્કો માટે લડવું જોઈએ.

ગુજરાત પ્રદેશ મહાનગરપાલિકા કર્મચારી કોંગ્રેસના પ્રમુખ ભાઈલાલ વૈષ્ણવે પ્રમુખ સ્થાનેથી જણાવ્યું હતું કે, વાલ્મિકી સમાજે સંગઠિત થઈ તેઓના અધિકારો માટે લડવું જોઈએ. ડો. બાબા સાહેબ આંબેડકરના શિક્ષિત બનો સંગઠિત બનો અને સંઘર્ષ કરો ના મંત્રને જીવનમાં ઉતારવા જોઈએ. વાલ્મિકી સમાજ સંગઠિત થઈ સંઘર્ષ નહીં કરે તો સમાજમાં શિક્ષણનું પ્રમાણ વધશે નહીં. ત્યાં સુધી સમાજ પ્રગતિ કરી શકશે નહીં માટે સમાજે શિક્ષિત બની સંગઠિત થઈ સંઘર્ષ કરવો જોઈએ તો જ સમાજનો ભલું થશે. સમાજના ઉધ્ધાર અને વિકાસ માટે પણ સમાજના કાર્યકરોએ અંદર અંદરના મતભેદો, ઝઘડાઓને બાજુ પર મૂકી એક થઈ સમાજની પ્રગતિ માટે આગળ આવવું જોઈએ. ડો. બાબા સાહેબ આંબેડકરે આપણને બંધારણ આપ્યું અને બંધારણ દ્વારા આપણા સમાજને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત સમાજને જે અધિકારો આપ્યા તે અધિકારોને પહેલાની સ્થિતિને વિચારવાની જરૂર છે. આપણો સમાજ ત્યાં હતો અને છે. ડો. બાબા સાહેબ આંબેડકરના બલિદાન પછી સમાજની શું સ્થિતિ છે તે વિચારવાની જરૂર છે. અને એટલે સમાજે એકત્ર થઈ સમાજના વિકાસમાં કામગીરી કરવી જોઈએ.

દેશના વડાપ્રધાન દેશની મહિલાઓ માટે લોકસભા અને ધારાસભામાં મહિલા અનામતનો જે કાયદો લાવી રહ્યા છે અને તેના દ્વારા મહિલાઓને ૩૩% અનામતની વાત કરી છે તેને અમો આવકારીએ છીએ અને સાથે સાથે અમો એવી પણ માંગણી કરીએ છીએ કે જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત , નગરપાલિકા અને મહાનગર પાલિકામાં જે તે ૩૦% અનામતનું મહિલાઓને લાભ આપવામાં આવેલ છે તેમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની મહિલાઓને બાકાત રાખવામાં આવેલ છે તેના કારણે આ સમાજની મહિલાઓને ચૂંટણી લડવાના ખૂબ જ ઓછા ચાન્સ મળે છે . જો મહિલા માટે ૩૩% અનામત લોકસભા અને ધારાસભામાં લાવવા માંગતા હોય તો અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની મહિલાઓને પણ તેનો લાભ મળવો જોઈએ. અને કાયદામાં તેની પણ જોગવાઈ કરવી જોઈએ ત્યાં સુધી આ સમાજની મહિલાઓનો ઉધ્ધાર શક્ય નથી. ખરેખર મહિલાઓના વિકાસ માટે જ આ કાયદો પસાર કરવામાં આવનાર હોય તો મહિલા મહિલાઓ વચ્ચે ભેદભાવ રાખવો જોઈએ નહીં અને અનુસૂચિત જાતિ અને જનજાતિની મહિલાઓને પણ તેનો લાભ મળી રહે તે માટે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની મહિલાઓ માટે પણ કાયદામાં જોગવાઈ કરવી જોઈએ. અને ૭ % અને ૧૪ % નો લાભ આ મહિલાઓને મળી રહે તે માટે કાયદામાં જોગવાઈ કરવી જોઈએ.

આ સંસ્થા દ્વારા વડાપ્રધાન, વિરોધ પક્ષના નેતા તેમજ તમામ રાજકીય પક્ષોના વડાઓને તેમજ મહામહિમ રાષ્ટ્રપતિને આ સમાજની મહિલાઓના વિકાસ માટે કાયદામાં જોગવાઈ કરવા માંગણી કરવામાં આવી છે. આ મિટિંગમાં સમાજના કાર્યકરો શશીકાંત સોલંકી, કાંતિભાઈ સોલંકી, પ્રવીણભાઈ સોલંકી, અશોકભાઈ કંથારીયા, સુભાષભાઈ ઝાડે, મેડિકલ કોલેજના નિવૃત્ત પ્રોફેસર એસ.એલ. કંથારીયા, મહામંત્રી વિશાલભાઈ મુન્શી અને વિગેરે મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

સુપ્રીમ કોર્ટનો કેન્દ્ર સરકારને વેધક સવાલ

# શું ટ્રેઈનીંગ લઈ રહેલો ઉમેદવાર દિવ્યાંગ બને તો સરકાર શું તેને ભૂતપૂર્વ સૈનિક માનશે?

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

દેશની સર્વોચ્ચ અદાલત એવી સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર ને પૂછ્યું છે કે શું સેનામાં પસંદગી પામ્યા બાદ તાલીમ દરમ્યાન ઘાયલ અથવા દિવ્યાંગ બનેલા લશ્કરી કેડેટસને ભૂતપૂર્વ સૈનિકનો દરજ્જો આપી શકાય અને સરકારી નોકરીઓમાં તેને અનામતનો લાભ આપી શકાય? સુપ્રીમ કોર્ટે આ યુવા કેડેટસ સામે ઊભી થતી રોજગારીની જરૂરિયાતો અને પડકારો પર ચિંતા વ્યકત કરી છે. સુપ્રીમ કોર્ટે સરકારને આ મુદ્દાઓ પર વિગતવાર જવાબ આપવાનો નિર્દેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટે તાલીમ દરમ્યાન ઈજાઓ અથવા દિવ્યાંગતાને કારણે કેડેટસને આવતી મુશ્કેલીઓ સાથે સંબંધિત આ મામલાની સુઓ મોટો સુનાવણી કરી રહી છે.

સુનાવણી દરમ્યાન જસ્ટિસ બી.વી. નાગરત્ના અને ઉજ્જ્લ ભૂયાનની બેન્ચે નોંધ્યું હતું કે મોટા ભાગના લશ્કરી કેડેટસ ૩૦ વર્ષથી ઓછી ઉંમરના છે અને તેમને રોજગારની સખત જરૂર છે. શું તબીબી કારણસર બાકાત રાખવામા આવેલા કેડેટસ સરકારી અને અર્ધપ્રતિષ્ઠિત હોદ્દાઓમાં અનામતનો લાભ મેળવી શકે?

આ મુદ્દે કેન્દ્ર સરકારનું પ્રતિનિધિત્વ કરતાં એડિશનલ સોલિસિટર જનરલ એન. વેક્ટરામને ખાતરી આપી હતી કે આ બાબતે વ્યાપક ઉત્તર આપવામાં આવશે.

૫૦૦ કેડેટસ ની સમસ્યાઃ

સને ૧૯૮૫ થી લગભગ ૫૦૦ કેડેટસને વિવિધ ડિગ્રીની વિકલાંગતાને કારણે તાલીમ માંથી છૂટા કરવામાં આવ્યા છે. આ મુદ્દા પર સુપ્રીમ કોર્ટની સક્રિયતા આ કેડેટસની સમસ્યાઓને એક નવા સ્તરે લઈ ગઈ છે. જેનાથી તેમના અધિકારો અને તકોનું રક્ષણ થયું છે.

# અમદાવાદના લાંભા વોર્ડમાં સત્તાધારી ભાજપ પક્ષ વિરૂધ્ધ લાગ્યા બેનરો




પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

અમદાવાદના લાંભા વોર્ડ માં સત્તાધારી પક્ષ ભાજપ વિરોધી બેનર લાગ્યા છે. શાહવાડી વિસ્તારમાં અચાનક જ સત્તાધારી પક્ષ વિરોધી બેનરો લાગ્યા છે. આ બેનરોમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યુ છે કે ભાજપના ઉમેદવારોએ મત માંગવા આવવુ નહી, ભાજપના પૂર્વ કોર્પોરેટરો સામે લાંભાની સોસાયટીઓને વાંધો છે.

સ્થાનિકોનુ કહેવુ છે કે ભાજપના પૂર્વ કોર્પોરેટરોના શાસનમાં આ વિસ્તારમાં વિકાસના કોઈ કામો થયા નથી, તેના કારણે કંટાળીને લોકોએ આ પગલુ ભરવાની ફરજ પડી છે.

લાંભાના રહેવાસીઓનુ કહેવુ છે કે અહીં અમે સતત ભાજપને ચુંટીને લાવ્યા છીએ તેમ છતાં વિકાસની વાત આવી ત્યારે અમારી અવગણના કરવામાં આવી છે. અમે ગટર, પાણી અને રોડ રસ્તા તેમજ સ્ટ્રીટ લાઈટ જેવી મુળભુત સગવડો પુરી પાડવામાં આવી રહી નથી, અમને જાણે સાવ વિકાસથી વંચિત રાખવામાં આવ્યા છે. અમારી સામે જોવાની તસ્દી પણ લેવામાં આવતી નથી, તેમાં પણ કોર્પોરેટરો ચુંટાયા પછી તો જાણે દેખાતા પણ નથી, તેમની ભુમિકા શું ફકત ચુંટાવવા પુરતી અને અમારી ભુમિકા ફકત મત આપવા પુરતી મર્યાદીત છે, તેઓને જયારે પણ કંઈ કહેવામાં આવે તો તે અધિકારીઓના માથે દોષનો ટોપલો ઢોળી દે છે. જયારે અધિકારીઓ એવા બહાના કાઢે છે કે અમારી પાસે તમામ વિસ્તાર માટે ફંડ આવ્યુ નથી, ફંડ આવશે ત્યારે કામ થશે, જયારે કોર્પોરેટરોનુ કહેવુ છે કે અધિકારીઓ તેમની વાત સાંભળતા નથી,

અધિકારીઓ એવુ માને છે કે કોર્પોરેટર ૫ વર્ષ માટે છે અને અમે કાયમ માટે છીએ, આમ તંત્ર અને નેતાઓ વચ્ચેની હુંસા તુંસીમાં સામાન્ય પ્રજા પીસાઈ રહી છે. તેમની આ હુંસાતુંસીથી અમે કંટાળ્યા છીએ, તેથી જ આ વખતે જણાવી દીધુ કે ઈલેકશન ટુરીઝમ માટે અહી આવવાની જરૂર નથી, કામ કરો પછી વોટ માંગવા આવજો, આના કારણે લાંભામાં રાજકીય વાતાવરણ ગરમ થઈ ગયુ છે. લોકોના આ મિજાજ થી વિપક્ષ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી ખુશ થઈ ગઈ છે.

ચુંટણી પહેલા જ ભાજપને લાગી લોટરી ૩૦૦ બેઠકોની બિન હરીફ લોટરી લાગી

# સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં પાલિકા-પંચાયતોમાં ૯,૩૧૪ ફોર્મ રદ : ૩૯,૩૮૭ ઉમેદવારી પત્રકો માન્ય




પ્રતિનિધિ,ગાંધીનગર

ગણદેવી, કડી, ઉંજા અને શહેર નગરપાલિકાઓમાં વગર મતદાને કમળ ખીલ્યુ છે. મહાનગરપાલિકાઓની અને જિલ્લા પંચાયતોની પણ ૨૦-૨૦ બેઠકો બિનહરીફ થઈ છે.

રાજયમાં ૧૫ મહાનગરપાલિકા, ૮૪ નગરપાલિકા, ૩૪ જિલ્લા અને ૨૬૦ તાલુકા પંચાયતો જેવી કુલ ૩૯૩ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં કુલ ૩૯,૩૮૭ ઉમેદવારી પત્રો ભરાયા હતા. જેમાં ૧૩ મી એ ફોર્મ ચકાસણી બાદ ૯,૩૧૪ ફોર્મ રદ થયા હતા. ૨૯ ફોર્મ પરત ખેંચાયા હતા, હાલની સ્થિતિએ કુલ ૩૦,૦૧૫ ઉમેદવારો હરીફ ઉમેદવાર તરીકે ચુંટણી જંગમાં ઉતરશે, પરંતુ આજે ૧૫ એપ્રિલ ઉમેદવારી પત્રો પરત ખેંચ્યા બાદ તરતજ આ સંસ્થાઓમાં ખરેખર ચુંટણી જંગમાં રહેલા મહારથીઓનુ આખરી ચિત્ર સ્પષ્ટ થઈ જશે. ૧૫ મહાનગરપાલિકાઓમાં ૫,૯૮૫ ભરાયેલા ઉમેદવારી પત્રોમાંથી ૧,૩૭૩ ફોર્મ રદ થયા છે, ૮૪ નગરપાલિકાઓમાં ૭,૮૧૮ ફોર્મ ભરાયા હતા, એમાંથી જે તે કારણોસર ૧,૨૦૬ ફોર્મ રદ થયા હતા, જયારે ૩૪ જિલ્લા પંચાયતોમાં ૪,૯૦૬ ઉમેદવારી પત્રો ભરાયા હતા, એમાંથી ૧,૪૬૮ ફોર્મ રદ થયા છે. એવી જ રીતે ૨૬૦ તાલુકા પંચાયતોમાં ભરાયેલા ૨૦,૬૩૮ ઉમેદવારી પત્રોમાંથી ૫,૨૫૬ ઉમેદવારી પત્રો રદ થયા હતા, ગઈ કાલે ફોર્મ ચકાસણી પૂર્ણ થતા રાજયમાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ૩૦૦ બેઠકો ભાજપને બિનહરીફ મળી ગઈ છે. તો બીજી તરફ આજે તારીખ ૧૫ એપ્રિલના રોજ ઉમેદવારી પત્રકો પાછા ખેંચવાનો સમય બપોરે ૩ વાગે પુરો થાય તે અગાઉ કોંગ્રેસની વધુ વિકેટો પડે તેવી પુરેપુરી શકયતા છે. ભાજપના ચુંટણી મેનેજરો ગઈ કાલ સાંજ થી જ તડજોડના કામે લાગી ગયા છે અને કોંગ્રેસ, આમ આદમી પાર્ટી કે અપક્ષના જે પણ ઉમેદવારો સાથે મેળ પડે તેને મેનેજ કરવા તનતોડ પ્રયાસો કરી રહ્યા છે, ત્યારે આજે સાંજે ચિત્ર સ્પષ્ટ થતા સુધીમાં બિનહરીફ બેઠકોનો આંકડો ઘણો ઉંચો જવાની શકયતા દર્શાવાઈ રહી છે. સામાન્ય રીતે લોકશાહીમાં ચુંટણી એટલે રસાકસી, પ્રચારનો શોરબકોર અને મતદાનના દિવસે મતદારોની લાંબી કતારો, પરંતુ ગુજરાતનુ વર્તમાન રાજકીય ચિત્ર કંઈક અલગ જ દિશામાં નિર્દેશ કરી રહ્યુ છે. અહીં લોકશાહીનુ પર્વ હવે ઔપચારિકતા તરફ વળી રહ્યુ હોય તેમ જણાય છે. આગામી સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં મતદાનની પ્રક્રિયાનો પ્રારંભ થાય તે પહેલા જ ભારતીય જનતા પાર્ટીએ જે રીતે કેસરીયો સપાટો બોલાવ્યો છે તે માત્ર રાજકીય વિજય નથી, પણ ગુજરાતના રાજકારણમાં એક મોટા પેરાડાઈમ શિફ્ટ નો સંકેત છે.

ગુજરાત સ્થાનિક સ્વરાજયની ચુંટણીના ઉમેદવારી ફોર્મ ની ચકાસણી અને નામ ખેંચવાની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જે આંકડાઓ સપાટી પર આવ્યા છે તે વિરોધ પક્ષો માટે ચિંતાજનક છે. રાજયભરમાં ભાજપના ૩૦૦ થી વધુ ઉમેદવારો બિનહરીફ જાહેર થયા છે એક વરીષ્ઠ વિશ્લેષકની દ્રષ્ટિએ જોઈએ તો આ આંકડો માત્ર સંખ્યાત્મક પકકડ નથી, પરંતુ વિરોધ પક્ષોમાં વ્યાપેલી સંગઠનાત્મક શિથિલતા અને વિપક્ષી શુન્યવકાસ નુ જીવંત ઉદાહરણ છે. મતદાન પૂર્વે જ આટલી વિશાળ સંખ્યામાં વિજય મેળવવો એ ભાજપના પાયાના કાર્યકરો માટે મનોબળ વધારનારૂ છે. જયારે સામે પક્ષે વિરોધ પક્ષોના મનોબળ પર આ એક જોરદાર પ્રહાર છે. જે આગામી સમયમાં મનોવૈજ્ઞાનિક પરાજયમાં પરીણામી શકે છે. રાજયની કુલ ૮૪ નગરપાલિકાઓ પૈકી ૪ નગરપાલિકાઓમાં તો ભાજપે મતદાન પહેલા જ સ્પષ્ટ બહુમતી હાંસલ કરીને વિરોધીઓના સુપડા સાફ કરી દીધા છે. તેમાં ગણદેવી (દક્ષિણ ગુજરાત), કડી(ઉત્તર ગુજરાત), ઉંજા (ઉત્તર ગુજરાત), શહેરા (મધ્ય ગુજરાત) નો સમાવેશ થાય છે.

# વલસાડ જિલ્લાના ઉમરગામના મામલતદારે ટ્રેન નીચે પડતુ મુકી આપઘાત કર્યોઃ ઉમેદવારી રદ કરવાના દબાણે મામલતદારનો જીવ લીધો હોવાનો ગંભીર આરોપ



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓનો માહોલ જામ્યો છે. આજે ૧૫ એપ્રિલે ઉમેદવારી ફોર્મ પાછા ખેંચવાનો અંતિમ દિવસ છે. ત્યારે વલસાડ જિલ્લાના ઉમરગામ થી એક અત્યંત દુઃખદ અને આઘાતજનક સમાચાર પ્રાપ્ત થયા છે. જેમાં જિલ્લાના ઉમરગામના મામલતદાર ડી સી બ્રાહ્મણકાચ્છે ટ્રેન નીચે પડતુ મુકીને પોતાનુ જીવન ટુંકાવી લીધુ છે. ચુંટણીની કામગીરીમાં વ્યસ્ત વહિવટી તંત્રના એક ઉચ્ચ અધિકારીએ આ પ્રકારે અંતિમ પગલુ ભરતા સમગ્ર રાજયના સરકારી તંત્રમાં ચકચાર મચી જવા પામી છે. ઘટનાની જાણ થતા જ રેલ્વે પોલીસ અને સ્થાનિક વહિવટી તંત્ર ઘટનાસ્થળે દોડી ગયુ હતુ અને તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

મામલતદાર ના આપઘાત કરવા પાછળ સરીગામ બેઠકના એક અપક્ષ ઉમેદવાર ના ફોર્મનો વિવાદ મુખ્ય કારણ હોવાનુ ચર્ચાઈ રહ્યુ છે. આક્ષેપ છે કે રાજકીય ક્ષેત્રના કેટલાક પ્રભાવશાળી લોકો દ્વારા મામલતદાર પર તે અપક્ષ ઉમેદવારનુ ફોર્મ કોઈપણ સંજોગોમાં રદ કરવા માટે ભારે દબાણ લાવવામાં આવી રહ્યુ હતું. કાયદાકીય રીતે ફોર્મ રદ કરવા માટે કોઈ મજબુત કારણો ન હોવા છતાં સત્તાધારી પક્ષ કે મોટા નેતાઓ દ્વારા તેમને સતત પરેશાન કરવામાં આવી રહ્યા હતા. જેના કારણે તેઓ માનસિક રીતે ભાંગી પડયા હોવાનુ મનાય છે. મામલતદાર કચેરીના સુત્રોના જણાવ્યા અનુસાર ડી સી બ્રાહ્મણકાચ્છ ને એવી ધમકીઓ આપવામાં આવતી હતી કે જો તેઓ ફોર્મ રદ નહી કરે તો તેમને નોકરીમાંથી હાંકી કાઢવામાં આવશે. અથવા સ્વેચ્છિક નિવૃત્તિ (વીઆરએસ) લેવા મજબુર કરવામાં આવશે.

એક પ્રમાણિક અધિકારી માટે ખોટા કામ કરવા અને રાજકીય આકાઓના આદેશ માનવા વચ્ચેની આ ખેંચતાણે તેમને મોત ને વ્હાલુ કરવા મજબુર કર્યા હોય તેવુ પ્રાથમિક દ્રષ્ટિએ દેખાઈ રહ્યુ છે. તેમણે કોઈ અન્યાયી નિર્ણય લેવાને બદલે પોતાનુ બલિદાન આપવાનુ પસંદ કર્યુ હોવાની ચર્ચાએ જોર પકડયુ છે. આ ગંભીર ઘટના બાદ હવે નિષ્પક્ષ તપાસની માંગ ઉઠી છે.

મામલતદાર પર દબાણ લાવનારા તે મોટા માથા કોણ હતા તે જાણવા માટે તેમના છેલ્લા ૪૮ કલાકના કોલ ડીટેઈલ્સ અને વોટસએપ ચેટ ની તપાસ કરવી અનિવાર્ય બની છે. જો કોઈ વહિવટી અધિકારીએ રાજકીય દબાણ હેઠળ જીવ ગુમાવવો પડતો હોય તો તે લોકશાહી અને ન્યાયી ચુંટણી પ્રક્રિયા માટે લાલબત્તી સમાન છે. હાલ પોલીસ આ મામલે પુરાવા એકત્ર કરી રહી છે અને પોસ્ટમોર્ટમ રીપોર્ટ બાદ વધુ વિગતો બહાર આવવાની શકયતા છે.

ભાજપના આરોપ અંતર્ગત ચુંટણી અધિકારીએ કરી તપાસ : કવાંટની નાખલ બેઠક પર ભાજપની રજુઆત ફગાવી

# છોટા ઉદેપુરમાં ચુંટણી અધિકારી ઉમેદવારનુ શૌચાલય છે કે નહી તે જોવા દોડયા : ભાજપ -આમ આદમી પાર્ટી આમને સામને



પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

છોટા ઉદેપુર જિલ્લાના કવાંટમાં તાલુકા પંચાયતની ચુંટણીને લઈને રાજકીય માહોલ ગરમાયો છે. જિલ્લાની નાખલ બેઠક પર ભારતીય જનતા પાર્ટી અને આમ આદમી પાર્ટી વચ્ચે સીધો વિવાદ સર્જાયો છે. ભાજપે આમ આદમી પાર્ટીના ઉમેદવાર વિરૂધ્ધ ગંભીર આક્ષેપો કર્યા હતા. ભાજપનો આરોપ હતો કે આમ આદમી પાર્ટીના ઉમેદવારના ઘરે શૌચાલયની સુવિધા નથી, જેના કારણે તેમનુ ઉમેદવારી ફોર્મ રદ કરવુ જોઈએ, આ બાબતને લઈને બંને પક્ષોના કાર્યકરોમાં ભારે ખેંચતાણ જોવા મળી હતી, આ વિવાદ વધુ વકરતા ચુંટણી અધિકારીએ સમગ્ર મામલાની ગંભીરતા સમજીને પોતે સ્થળ પર જઈને તપાસ હાથ ધરી હતી. અધિકારીએ કરેલી તપાસ દરમિયાન ઉમેદવારના રહેણાંક વિસ્તારમાં શૌચાલય મળી આવ્યુ હતું. જેના આધારે ચુંટણી તંત્રએ આમ આદમી પાર્ટીના ઉમેદવારનુ ફોર્મ માન્ય રાખવાનો નિર્ણય લીધો હતો. આ નિર્ણયના સમાચાર મળતા જ ભાજપના આગેવાનો અને કાર્યકરોમાં ભારે રોષ ફાટી નિકળ્યો હતો. ભાજપના નેતાઓએ તંત્રની આ કામગીરી સામે સવાલો ઉઠાવ્યા હતા. ભાજપના આગેવાનોએ દાવો કર્યો હતો કે તપાસમાં જે શૌચાલય બતાવવામાં આવ્યુ છે તે ઘણુ દુર આવેલુ છે, અને તે વ્યકિતગત ઉપયોગનુ નથી, ભાજપ આગેવાને રજુઆત કરી હતી કે ચુંટણીના નિયમો મુજબ જો ઉમેદવારના ઘરે શૌચાલય ન હોય તો તેનુ ફોર્મ તુરંત રદ કરવુ જોઈએ, આ ટેકનીકલ મુદ્દે કવાંટનુ રાજકારણ અત્યારે ગરમાયુ છે. હવે જોવાનુ એ રહેશે કે ચુંટણી તંત્ર પોતાના નિર્ણય પર કાયમ રહેશે કે ભાજપની રજુઆત બાદ કોઈ નવો વળાંક આવશે.

# સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ અગાઉ આમ આદમી પાર્ટીમાં એક સાંધે ત્યાં તેર તુટે જેવી સ્થિતિ : ખેડુત નેતા રાજુ કરપડા બાદ વધુ એક સતિષ ગમારાએ આપ્યું રાજીનામુ



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના રાજકારણમાં અત્યારે મોટા ફેરફારો જોવા મળી રહ્યા છે. સુરેન્દ્રનગર જિલ્લામાં આમ આદમી પાર્ટીને મોટો ઝટકો લાગ્યો છે.

પાર્ટીના ગુજરાત રાજયના જોઈન્ટ સેક્રેટરી સતિષ ગમારાએ પોતાના તમામ હોદ્દા પરથી રાજીનામુ આપી દીધુ છે. લાંબા સમયથી પાર્ટી સાથે જોડાયેલા હતા સતિષ ગમારા, આમ આદમી પાર્ટીના એક પાયાના કાર્યકર્તા અને જવાબદાર હોદ્દેદાર તરીકે જાણીતા હતા.

તેઓ ઘણા લાંબા સમયથી પાર્ટી સાથે જોડાયેલા હતા અને ગુજરાત રાજયના જોઈન્ટ સેક્રેટરી જેવી મહત્વની જવાબદારી નિભાવી રહ્યા હતા. તેમના રાજીનામાથી જિલ્લામાં પાર્ટીના સંગઠનને મોટુ નુકશાન થયુ હોવાનુ માનવામાં આવી રહ્યુ છે.

હાલમાં મહાનગરપાલિકા અને જિલ્લા પંચાયતની આગામી ચુંટણીનો માહોલ જામી રહ્યો છે. આવા મહત્વના સમયે સતિષ ગમારા દ્વારા રાજીનામુ આપવાની ઘટનાએ સુરેન્દ્રનગરના રાજકારણમાં ખળભળાટ મચાવી દીધો છે. ચુંટણીના ગણતરીના દિવસો પહેલા જ પાર્ટીના વરીષ્ઠ હોદ્દેદારના રાજીનામાને કારણે અનેક પ્રકારની ચર્ચાનો દોર શરૂ થયો છે. રાજકીય સુત્રોના કહેવા પ્રમાણે આમ આદમી પાર્ટીના પૂર્વ ખેડુત નેતા રાજુ કરપડાના ભાજપમાં પ્રવેશ બાદ હવે સતિષ ગમારા પણ ભાજપમાં જોડાઈ શકે તેવી પ્રબળ શકયતાઓ સેવાઈ રહી છે. જો સતિષ ગમારા ભાજપમાં જોડાય છે તો તે આમ આદમી પાર્ટી માટે એક મોટો ફટકો સાબિત થઈ શકે છે અને ભાજપને સ્થાનિક સ્તરે વધુ મજબુતી મળી શકે છે. આ ઘટના બાદ હવે આગામી દિવસોમાં સુરેન્દ્રનગરના રાજકીય સમીકરણો કેવા બદલાય છે તે હવે જોવુ રહ્યું.

# રેલવેનો ચીફ ક્લાર્ક માત્ર ૧૦૦ રૂપિયાની લાંચ લેતા ACBના હાથે ઝડપાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગુજરાતમાં લાંચિયા બાબુઓ અને કર્મચારીઓને ઝડપી લેવા માટે લાંચ રુશ્વત બ્યુરો સક્રિય છે.

રાજયમાં છાશવારે લાંચના કેસમાં અધિકારીઓ ઝડપાઈ જતા હોય છે. ત્યારે અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશન પર એસીબીએ ટ્રેપ ગોઠવીને ચીફ ક્લાર્કને માત્ર ૧૦૦ રૂપિયાની લાંચ લેતા ઝડપી પાડ્યો હતો.

ટિકિટ ઈસ્યુ કરતી વખતે મુસાફરો પાસેથી કાયદેસરના ભાડા ઉપરાંત વધારાના રૂપિયા લેતા ચીફ ક્લાર્ક ઝડપાઈ ગયો હતો.અમદાવાદ કાલુપુર રેલ્વે સ્ટેશન ખાતે અન્ય રાજ્યમાં જતાં પેસેન્જરો પાસે ટીકીટ ઈસ્યુ કરનાર રેલ્વેના કર્મચારી દ્વારા ટીકીટના કાયદેસરના પૈસા સિવાય બીજા વધારાના રૂ.૧૦થી ૫૦૦ સુધીની ટિકિટ દીઠ લાંચની માંગણી કરી પેસેન્જરોને ખોટી રીતે હેરાન-પરેશાન કરી પેસેન્જરો પાસેથી ટીકીટની રકમ કરતા વધારાની લાંચની માગણી કરતા હોવાની ચોકકસ અને આધારભુત માહિતી મળતા કાયદેસરની કાર્યવાહી કરવા માટે ACB એકશનમાં આવી હતી.